
વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું
શ્રી લક્ષ્મીનારાયણદેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૮ ● અંક : ૬ ● જૂન - ૨૦૧૭

## શ્રીહરિની હિંડોળા લીલા
## વિશેષાંક







સુરત ચીકુવાડી મુકામે પૂ.સાં.યો.લીલાબા (અમરેલી) ની પ્રેરણાથી આયોજીત શ્રી સ્વા.મહિલા સંસ્કાર કેન્દ્ર દશાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.ગાદીવાળાશ્રી, સાં.યો.માતાઓ એવં મહિલા ભક્તો. તા.૨૫ થી ૨૯/૪/૨૦૧૭





છતડીયા (અમરેલી)મુકામે પૂ.વાસુદેવ સ્વામી (નાહિયેર) ની પ્રેરણાથી આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,પૂ.ભક્તિસ્વરૂપદાસજી સ્વામી, વક્તાશ્રી પૂ.કેશવ સ્વામી એવં ભક્તજનો તા.૨૫/૪/ થી ૧/૫/૨૦૧૭





વડોદરા હરિનગર મુકામે પૂ.કો.શ્રી શ્રીરંગદાસજી સ્વામી દ્વારા આયોજીત ચતુર્થ પાટોત્સવ , હરિસ્મૃતિ કથા-પારાયણ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી - અથાણાવાળા એવં પૂ.સંતો - ભક્તો, યજમાનશ્રીઓ. તા.૨૬ થી ૩૦/૪/૨૦૧૭






વડતાલધામ મુકામે પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ દ્વારા આયોજીત બાલયુવા શિબિર - ૩ પ્રસંગ ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.બાલકૃષ્ણ સ્વામી-મેતપુર, પૂ.ગોવિંદ સ્વામી - મેતપુર, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.શુકદેવ સ્વામી-નાર, પૂ.હરિપ્રસાદ સ્વામી - ગઢડા, પૂ.શ્યામ સ્વામી વગેરે પૂ.સંતો, બાળકો તથા યુવાનો. તા.૨૯/૪/ થી ૧/૫/૨૦૧૭





દુધાળા (જુનાગઢ) મુકામે પૂ.માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.ભક્તિપ્રકાશ સ્વામી, પૂ.બાલકૃષ્ણ સ્વામી તથા ભક્તજનો એવં યજમાન પરિવાર. તા.૩૦/૪/ થી ૪/૫/૨૦૧૭





જલગાંવ (મહારાષ્ટ્ર) મુકામે પૂ.પી.પી.સ્વામીની પ્રેરણાથી આયોજીત નેત્રરૂગ્ણાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂ.ગોવિંદ સ્વામી-જલગાંવ, વક્તાશ્રી પૂ.નૌતમ સ્વામી, પૂ.ધર્મપ્રસાદ સ્વામી, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભકતોજનો એવં નૂતન નિર્માણ કાર્ય. તા.૩૦/૪/૨૦૧૭





વિરસદ (ખંભાત) મુકામે પૂ.કેશવચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૬૨ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.જ્ઞાનજીવનદાસજી સ્વામી - કુંડળધામ એવં પૂ.સંતો-ભક્તો તથા યજમાન પરિવાર. તા.૧ થી ૫/૨૦૧૭





મુંબઈ ભુલેશ્વર મુકામે પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરની પ્રેરણાથી આયોજીત ૧૪૯મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.સત્યપ્રકાશ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી, પૂ.સૂર્યપ્રકાશ સ્વામી, પૂ.શ્રીવલ્લભ સ્વામી, પૂ.ચૈતન્ય સ્વામી - સાયન, આ.કો.શ્રી સંત સ્વામી, ટ્રસ્ટી શ્રી પા.ઘનશ્યામભગત. તા.૪ થી ૬/૫/૨૦૧૭





ભાયાવદર (અમરેલી) મુકામે પૂ.હરિકૃષ્ણ સ્વામી (મહંતશ્રી અમદાવાદ)ની પ્રેરણાથી આયોજીત દશાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી રામકૃષ્ણ સ્વામી-કોટેશ્વર, પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેમનગર, પૂ.મોહન સ્વામી - ધોરાજી, પૂ.ગોવિંદ સ્વામી - જામનગર, પૂ.ભક્તિપ્રિય સ્વામી- ગઢડા, પૂ.ભક્તિજીવન સ્વામી- હરિયાળા વગેરે પૂ.સંતો તથા યજમાન પરિવાર. તા.૪ થી ૮/૫/૨૦૧૭





















**નાસીક (મહારાષ્ટ્ર)** મુકામે પૂ.માધવપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત સદ્‌ગુરૂ વંદના મહોત્સવપ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ. જ્ઞાનજીવન સ્વામી - નાસીક, વક્તાશ્રી પૂ. નારાયણચરણ સ્વામી - વ્રજભૂમિ, પૂ. જ્ઞાનપ્રકાશ સ્વામી - ગાંધીનગર, પૂ.કેશવચરણ સ્વામી - વાપી, આ.કો.શ્રી સંત સ્વામી, ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત વગેરે પૂ.સંતો એવં ભક્તો. **૩ થી ૧૦/૫/૨૦૧૭**













**ધોલેરાધામ** મુકામે કો.શ્રી હરિચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૯૧ મા પાટોત્સવ નિમિત્તે શ્રી અક્ષરઓરડી (પ્રસાદીની બેઠક) ના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.હરિસ્વરૂપ સ્વામી, પૂ.બાપુ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, બંને વક્તાશ્રીઓ એવં યજમાન પરિવાર તથા ભક્ત પરિવાર. **તા.૪ થી ૮/૫/૨૦૧૭**



Web Site :
www.vadtalmandir.org

E-mail Addresh :
vadtaldhamvikas@gmail.com

## Subscription

| | |
|---|---|
| (india) | |
| 5 Year | 250/- |
| 20 Year | 500/- |
| For Other Countries | |
| (airmail) | 6750/- |

Year - 8
Volume - 6
June - 2017

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


૧. શ્રીહરિની હિંડોળા લીલા ૦૬
૨. ગુરૂ-શિષ્ય (ગુરુપૂર્ણિમા વિશેષ)
લેખક : ર્ડા.શા.સંતવલ્લભદાસ - આ.કો.વડતાલ ૧૬
૩. સત્સંગ સમાચાર ૧૯
૪. શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિક દેવોના થાળ તથા સંતોની રસોઈની યાદી એપ્રિલ-મે - ૨૦૧૭ ૨૭
૬. સંપ્રદાયના આગામી કાર્યક્રમો ૨૮
૭. સત્સંગ વિચરણ ૨૮


### હિંડાળાનું કીર્તન

ઝૂલીયે પ્રીતમ ઘનશ્યામ હિંડોરે, ઝૂલીયે.
બિનતી કરત ભક્ત ગઢપુર કે, સૂણીયે સંતન વિશ્રામ. હિંડોરે. ૧
ભક્તિ-ધર્મસુત શ્યામ લાડીલે, શરણાગત સુખધામ. હિંડોરે. ૨
નટવર નાથ દિવ્યતનુ ધારી, સબ ગુન પૂરણકામ. હિંડોરે. ૩
પ્રેમાનંદ નીરખી ગુન ગાવે, પ્રેમમગન આઠો જામ. હિંડોરે. ૪


**OWNER :** Vadtal temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR :** Chief Executive Kotharishree Shashtri shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shree Nandkishordasji Swami, **PUBLISHED & PRINTING** : Shree Laxminarayandev Offset Press, **AT & POST :** Vadtal, Tal, Nadiad, Dist. Kheda, Gujarat. Pin : 387375, Phone : (0268) 2589728, 776

## શ્રીહરિની

# હિંડોળા લીલા

સંપાદક :- પ્રો.હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર, સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ

શ્રીહરિ પોતાને ત્યાં પધારે ત્યારે હરિભક્તો આનંદિત થઈ જાય. પોતાના પ્રાણઆધાર શ્રીહરિને ભક્તો વિવિધ રીતે લાડ લડાવે. શ્રીહરિને **હિંડોળે** ઝુલાવવાની ભાવના હરિભક્તોમાં તીવ્ર રહેતી. ગામેગામ હરિભક્તોએ શ્રીહરિને હિંડોળે ઝૂલાવ્યા છે. હરિભક્તોની આ ભાવના સંપ્રદાયના સાહિત્યમાં પણ વર્ણવાઈ છે.

**મંજૂકેશાનંદ સ્વામીએ હિંડોળે** ઝુલતા શ્રીહરિને વર્ણવ્યા છે. સ્વામીએ ચાર નાનાં પદોમાં શ્રીહરિની **હિંડોળા** લીલા વખતે સર્જાતા દિવ્ય વાતાવરણને નિરુપ્યું છે. મંજૂકેશાનંદ સ્વામી **હિંડોળે** ઝુલતા શ્રીહરિના પોષાક અને શણગાર વર્ણવે છે :

ઝૂલત હિંડોળે કાન ધર્મ દુલારો, ઝૂલત
શિર પર મુકટ વિરાજહિ રે ઝૂલત મોતિયન વારો. કાન ૧
કંઠ મોતીનકી માલા વિરાજત, શોભન કમર કટારો. કાન ૨
ઝળ હળ જોત મનોહર મૂરતી, છેલ છબીલો છોગારો.કાન ૩
મંજુકેશાનંદ કે મોહન, જીવન પ્રાણ હમારો.કાન ૪

શ્રીહરિ જ્યારે કોઈપણ ગામે **હિંડોળે** ઝુલે ત્યારે તેમની સન્મુખ સંતો બિરાજે અને સંગીતના તાલે કીર્તન ગાન કરે. સંગીતના તાલે અને સંતોના કીર્તનના સૂરે વાતાવરણ સુમધુર બની જતું.

ઝૂલત **હિંડોળે** મેક મલાકત, જરકશી પાઘ વિરાજત શીર પર



ઝળકત તાર અત્યંત. ઝૂલત ૧
ઝાંઝ મૃદંગ બજાય કે સુંદર, ગાવત કીર્તન સંત ઝૂલત ૨
મોરા રાગ મલાર આલાપત, કોકિલા અધિક કુહંત. ઝૂલત ૩
મંજુકેશાનંદ શોભા કહી, શેષ ન પાવન અંત. ઝૂલત ૪

આ સમયે શ્રીહરિનાં જે ભવ્ય દર્શન થતાં તે પર તો સ્વામી 'તન મન પ્રાણ' થકી વારી જતા.

રસિક રાય પિયા ઝુલત કાન, જરકશી જામો તન પર પેરી
શોભત ભીનેવાન. રસિક ૧
ઘેરે રાગે ગાત હરિ કીર્તન, સંત મેલાવત તાન. રસિક ૨
ઉર મોતીનકી માળા ઝળકત, કુંડળ ઝળકત કાન. રસિક
મંજુકેશાનંદ મોહન પર, વારૂં લઈ તન મન પ્રાણ. રસિક

સ્વામી લખે છે, શ્રીહરિ હરિભક્તો પર કરુણા કરતા અને તેથી હરિભક્તોનાં ત્રિવિધ તાપ ટળી જતા.

છેલ ચતુરવર ઝુલત આપ, કરૂણા દ્રગ દેખી હરિજન કે
ટારે ત્રિવિધ તાપ છેલ ૧
શેષ સહસ્ત્ર મુખ રટન નિરંતર, જપે જેહિ મુનિવર જાપ. છેલ ૨
સબકે અંતરજામી પ્રગટ પ્રભુ, અખિલ ભવન મેં વ્યાપ છેલ ૩
મંજુકેશાનંદ બહુજન કે, ટારે અનન્ત ભવ પાપ. છેલ ૪

જે મંજૂકેશાનંદસ્વામીએ અનુભવ્યું તેવું જ **ભૂમાનંદ સ્વામી**એ અનુભવ્યું. એમણે તો,એક કીર્તન લખી 'અલબેલો'(શ્રીહરિને) જોવા પધારવા સૌને આમંત્રણ પણ આપી દીધું. હરિભક્તોએ જે ભાવથી શ્રીહરિને સજાવ્યા છે. તે શ્રીહરિની આકર્ષક છબી જોવા તો ઈન્દ્રાદિક પણ ઝંખી રહ્યા છે. ભૂમાનંદ સ્વામીના જ શબ્દો માણીએ :

આવોને અલબેલો જોવા, રંગ **હિંડોરે** ઝુલે રે;
આભૂષણ પેરીને અંગે, ફુલી રહ્યો છે ફૂલે રે..... ટેક ૧
ગજરા તોરા હાર હજારી, ગુચ્છ ગુલાબના કાને રે;
બાજુબંધ ફૂલોના ફોરે, શોભે શામલીયે વાને રે...... ૨
ચંદન ખોર શરીરે સુંદર, કેસર તિલક ભાલે રે;
કુંડલીયા મકરાકૃત કાંતિ, કરી રહ્યા બે ગાલે રે .....૩
મણીજડાવ મુગટ શીર શોભે, મોરલી મનોહર વાય રે;
ભૂમાનંદના વાલાની છબી, જોવા ઈન્દ્રાદિક ચાય રે .....૪

આજથી ૨૨૫ વર્ષ પહેલાં સભા કરવા માટેનાં સ્થાન નહીવત હતાં. જૂના દેશી રજવાડાઓના રાજાના

દરબારનાં ૧૦૦-૨૦૦ માણસો બેસી શકે તેવા મોટા ઓરડા હતા. બાકી તો ગામની ભાગોળે વડલાની છાયામાં કે કોઈ મંદિરના પરિસરમાં ભેગા થવું પડે. વળી, ઈલેકટ્રીસિટિ તો હતી જ નહીં. આથી વિશાળ વૃક્ષો અને તેનો છાંયો સાનુકૂળ સ્થળ બની રહે. વળી, બેઠકનો પણ પ્રશ્ન હતો. દરેક સ્થળે શ્રીહરિને બેસાડાય તેવી મોભાદાર ખુરશીઓ પણ ન મળે. પાટનું ચલન વધું હતું. આથી, ઘટાદાર વૃક્ષની મજબૂત ડાળીએ **હિંડોળા** બાંધવામાં આવતા. હરિભક્તો જે ભાવથી હિંડોળા બનાવતા તે ભાવને પ્રેમાનંદ સ્વામીએ 'ઉત્સવપદ' નાં ચાર પદોમાં વર્ણવ્યો છે :

**પ્રેમાનંદ સ્વામી** પ્રથમ પદમાં શ્રીહરિને હિંડોળે ઝુલવા આવવા નિમંત્રણ પાઠવે છે.

### રાગ સોરઠ - પદ - ૧

રંગભીનારે શ્યામળીયા આવો ઝુલીયે રે.
બાંધુ ફુલહિંડોળો પ્યારા, પહેરાવું પટ ભૂષણ સારા;
નંદકુંવર તમને નીરખીને ફુલીયે રે. રંગ...૧
ચરચું ચંદન ખોર છબીલા, નૌતમરીતેશું રંગીલાઃ
ચાંદલીયો કરવા ઉભી કંકુ લીયે રે. રંગ... ૨
જરકસના પહેરો હરિ જામા, આવો છેલ છબીલા સામા;
ચિત્તડું ચોરો બાંધી પાઘ અમુલિયે રે. રંગ... ૩
અલબેલા ઉરમાં લખી રાખું, તન મન તમપર વારી નાખું;
પ્રેમાનંદ કહે આ અવસર નહિ ભુલીયે રે. રંગ... ૪

પ્રેમાનંદ સ્વામી પદ-૨ માં **હિડોળો** કેવી રીતે બનાવશે, સજાવશે અને ઝુલાવશે તે વર્ણવે છે:

### પદ - ૨

ઝુલાવું રે **હિંડોળે** સુંદર શ્યામને રે, ઝુલાવું.
મણી કંચનના સ્થંભ મનોહર, ડાંડી ચાર અનુપમસુંદર;
હિરા પટુલી જડાવું શુભ સખધામને રે.
મખમલની ગાદી બીછાવું, તકીયો તે વાંસે મુકાવું;
પ્રીતેશું પધરાવું પુરણકામને રે.
ધુઘરડી અતિ સુંદર ઘોરે, લટકે મોતી ઝુમખા કોરે;
ઉડે અત્તરફોર આત્મારામને રે.
હીરતણી દોરી લઈ સારી, ઝુલાવું હળવે ગિરિધારિ;
પ્રેમાનંદ બલિહારી હરિના નામને રે.

પ્રેમાનંદ સ્વામી પદ ત્રણમાં શ્રીહરિને ભાવપૂર્વક ઝૂલાવતાં 'રહો મારે ઓરડે' એવો વર પણ માગે છે. :

### પદ - ૩

ઝુલો ઝૂલો રે કેશરીયા વર હિંડોરડે રે.
હું ઉતરૂ તમે ઝુલો ગીરિધર, હળવેસું ઝુલાવું હરિવર;
કેશર ચંદન ચરચું હરિ તન ગોરડે રે.
પુલતણા જામા હરિ પહેરો, હેત કરી મુજ સામું હેરો;
ચિત્તડું મારૂ ચોરો ફુલાં તોરડે રે.
મંદમંદ હરિ મેહુલો વરસે, ચમકે વીજ ગગનમાં સરસે;
બોલે મોર બપૈયા ઉંચે સોરડે રે.
કર જોડી તમચરણે લાગું, તમપાસે હરિ એ વર માંગુ;
પ્રેમાનંદના નાથ રહો મારે ઓરડે રે.

અન્ય એક પદમાં પ્રેમાનંદ સ્વામી શ્રીહરિને **હિંડોળે** ઝુલતા જોઈ કેવું ગુલતાન થઈ જવાય છે તે વર્ણવે છે:


### પદ - ૨

ઝુલત **હિંડોરેમેં** રૂપનિધાન,
ધર્મકુંવર હરિકૃષ્ણ મહાપ્રભુ, સકળ શોભા કી ખાન. ઝુલત...૧
વિશ્વકર્મા રચ્યો સરસ હિંડોરો, સકલ ચાતુરી આન;
હિરા માણેક રત્ન ખચિત બહુ, ફરકત કનકનિશાન. ઝુલત...૨
ચંદનકાષ્ટકો બન્યો હે **હિંડોરો**, સોહત માનું વિમાન;
તા મહિં રાજત પરમપૂજ્ય હરિ, સહજાનંદ સુજાન. ઝુલત...૩
પ્રેમમગન હોઈ ગાવત ઝુલાવત, મુનિવર પરમવિજ્ઞાન;
પ્રેમાનંદ ઘનશ્યામનાથ છબી, નિરખી હોત ગુલતાન. ઝુલત...૪

શ્રીહરિ માટે **હિંડોળા** વિવિધ રીતે બનાવાતા અને સજાવાતા. કોઈ સ્થળે ફૂલથી સજવાયેલ **હિંડોળા**નું અદ્‌ભૂત વર્ણન કરે છે:

### પદ - ૪

ફુલન **હિંડોરે** ઝુલે ધર્મકુમાર,
ફુલકી પટુલી ચોકી ફુલહું કે સ્તંભ દોઉ, ફુલકે કલશ ડાંડી ચાર. ફુલન...૧
ફુલસું મંડપ છાયો ફુલકી અટારી જારી, ફુલકે તોરન બાંધે દ્વાર;
ફુલહુંકે ચિત્ર કરે ફુલકે કલશ ધરે, ફુલકી પતાકા ઉડે સાર.. ફુલન...૨
ફુલકી ગાદી બિછાયે બેઠે તામે મુનિરાયે, ફુલનકો કિયોરે શૃંગાર;
ફુલકે ચંમર છત્ર ધરતહે મુનિવર, બોલત હે આગે ચોપદાર. ફુલન...૩
નિરખી હરખે સુર બરષે સુમનઝરી, ગગન સઘન છાયે અપરમપાર;
નિજજન નરનારી લેતહે ઉર ધારી, પ્રેમાનંદ જાત બલીહાર. ફુલન...૪
(કીર્તન સારસંગ્રહ, ભા-૨.પૃ.૬૮)



એક સમે વડતાલ ખાતે ફાગણ વદ સાતમે **હિંડોળે** બેસી શ્રીહરિએ જે લીલા કરી તેનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણિ' (પૃ.૬૭) માં કર્યું છે.

એક દિવસ અલબેલડે, અલૌકિક લીલા કરી ||
બીજે દિવસે પુરબારણે, પધારિયા પોતે હરિ || ૩૫ ||
એક સુંદર આંબો સોયામણો, ત્યાં બાંધ્યો **હીંડોળો** હેતશું ||
અલબેલો ત્યાં આવિયા, સર્વે સખા સમેતશું || ૩૬ ||
**હીંડોળે** હરિ વિરાજિયા, ત્યાં આવ્યા જન અપાર ||
પાર ન આવે પેખતાં, બહુ મળિયાં નર નાર || ૩૭ ||
સંતને આપી આગન્યા, કરો પૂજા તમે પ્રીત્યશું ||
કેસર ચંદન કુસુમમાળા, ધૂપ દીપ આરતી રીત્યશું || ૩૮ ||
સંત સુંદર સાજ લઈ, કરી પૂજા પરમાન્ની ||
ચરણ ચરચિ ચંદને, છાપી છાતી મુનિવૃંદની || ૩૯||
આનંદ આપી અતિ ઘણો, પછી ઉભા થયા અવિનાશ ||
હરિજન સહુ હાર લઈ, વળી ઉભા હતા હરિ પાસ || ૪૦ ||
કૈક હાર પહેર્યા કંઠમાં, અને કૈક બાંધિયા બાંય ||
કૈક ચરણે બાંધિયા, એમફૂલિ રહ્યા ફૂલમાંય || ૪૧ ||
**હીંડોળે** હાર વળગાડિયા, કૈક આરોપ્યા આંબાડાળ ||
કૈક બાંધ્યા છડીએ, તેની કરી કાવડ્ય દયાળ || ૪૨ ||
એવી અનંત લીલા કરી હરિ, જનને કરવા ધ્યાન ||
આપી સુખ એમઅતિ ઘણું, પછી ચાલિયા ભગવાન || ૪૩ ||
એવી લીલા કરી હરિ, ફાગણ વદી સાતમ્ય સહી
કરિ લીલા વરતાલમાં, તે સંક્ષેપે કાંઈક કહી || ૪૪ ||


## વડતાલમાં લીમડાની ડાળીએ પલંગનો હિંડોળો

એક સમે અન્નકોટનો ઉત્સવ કરવા શ્રીહરિ વડતાલ પધાર્યા. વડતાલના હરિભક્તોએ આંબલાની ડાળીએ પલંગનો **હિંડોળો** બાંધ્યો, જેના પર શ્રીહરિ બેસતા. તે સમયે સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થતી. તેમાં સહુ સંતો કીર્તનગાન કરતા. ક્યારેક શ્રીહરિ પ્રસન્નમનથી વાતો કરતા.

દીવાળીને દિવસે આંબલાની આગળ ભાઈ રામદાસસ્વામીએ શ્રીહરિને બેસવા માટે વિશિષ્ટ પ્રકારની એક વેદિકા બનાવી. તેની શોભા અવર્ણનીય હતી. તે વેદિકાની ચારે બાજુ સુંદર કઠેડો બનાવ્યો હતો. ચાર ગજ જેટલી ઊંચી કરાવેલી તે વેદિકાના ઉપર સરસ પલંગ મૂક્યો અને તેના ઉપર શ્રીહરિ બેઠા. તે ઠેકાણે ચારે તરફ પાંચ પાંચ દ્વારવાળી વિશિષ્ટ પ્રકારની દીપમાળા બનાવી હતી. ચારે બાજુ બબ્બે દીવાવાળા વૃક્ષો કર્યા હતા. તેની અસીમ શોભા થઈ. જ્યારે ચાર ઘડી દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિ આવીને ત્યાં બેઠા. આમ, આ **હિંડોળે** અને વેદિકા પર શ્રીહરિ આવીને બેસતા ને સત્સંગ કરતા. (આધારઃ હ.ચ.સા, ભા-૭, પૃ-૧૭, ત-૪)

## વડતાલમાં આંબા ડાળે હિંડોળો

એક સમે શ્રીહરિ વડતાલ પાધાર્યા. સંતો પણ આવ્યા. ગામમાં જગ્યા સાંકડી લાગતાં, શ્રીહરિએ સૌને ગામની બહાર બેઠક કરવાનું જણાવ્યું. ગામના તળવાની પૂર્વ દિશાએ આવેલ એક સારા આંબાની ઘણી વિશાળ છાયા હતી. શ્રીહરિ તો આંબા નીચે જ પાટ પર બેસી ગયા. હરિભક્તોએ આંબાની ડાળે પલંગનો સુંદર **હિંડોળો** બાંધી દીધો અને તેના ઉપર રેશમના ગાદી તકિયા મૂક્યા. તેની શોભા અદભૂત થઈ. **હિંડોળો** તૈયાર થતાં હરિભક્તોની વિનંતી થકી શ્રીહરિ **હિંડોળા** પર બેઠા. સંતો તથા હરિભક્તોની સભા થઈ. **હિંડોળે** ઝૂલતા શ્રીહરિનાં દર્શન કરી સંતો - ભક્તો ધન્ય થયા. (આધાર. હ.ચ.સા., ભા-૯, પૃ.૧૫, ત-૯૩)



## નિષ્કુળાનંદ મુનિની બેનમુન કાષ્ટ કલાકૃત્તિ બાર બારણાંનો હિંડોળો

વડતાલના હરિભક્તોના નિમંત્રણથી શ્રીહરિ ઈ.સ.૧૮૧૯માં વડતાલ ખાતે પુષ્પદોલોત્સવ ઉજવવા પાધાર્યા. આ પ્રસંગને યાદગાર બનાવવા વડતાલના હરિભક્તોએ શ્રીહરિ પાસેથી જે આજ્ઞાઓ મેળવી હતી તેમાંની એક હતી બાર બારણાંનો **હિંડોળો** બનાવવાની. વડતાલના હરિભક્તોએ આ ભવ્ય **હિંડોળો** સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી પાસે બનાવડાવ્યો હતો.

**હિંડોળો** એટલે કઠેડાવાળા મોટો હિંચકો; ઝૂલો. નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ આ બાર બારણાંના

હિંડોળાનાં વર્ણન ધર્મગ્રંથોમાં વાંચવા મળે છે. એ મુજબ, નિષ્કુળાનંદ મુનિની આ કાષ્ટ કલાકૃત્તિ કંઈક આવી હતી.

'શ્રીહરિચરિત્રામૃત સાગર'(પૂ.૧૬,ત-૬૧,ભા-૬,પૃ.૪૪૭૭) માં કરાયેલ વર્ણન મુજબ:

- આ હિંડોળામાં ઉત્તમ પ્રકારના સોનેરી સ્તંભ બનાવાયા હતા.
- આ હિંડોળાની ચારેબાજુ ત્રણ ત્રણ દ્વાર બનાવેલ, જેથી એ 'બાર બારણાંનો હિંડોળ' કહેવાયેલ.
- હિંડોળાની વચ્ચે ઉપર ઘુમ્મટ હતો.
- આ ઘુમ્મટ ઉપર સોનાનો કળશ મૂક્યો હતો.
- હિંડોળાની ચારે બાજુ છજાં કર્યા હતા અને છજાંન વચ્ચે એક ઘુમ્મટ રચ્યો હતો.
- આ બધા ઘુમ્મટ પર સોનાના કળશ મૂક્યા હતા.
- આ ઘુમ્મટનાં છજાં પર સોનેરી વસ્ત્રની ઝાલર લગાવી હતી. વળી, છજાંઓની ચારે તરફ ઉત્તમ પ્રકારનાં સોનાનાં લોલક લટકાવ્યાં હતા.
- આ છજાંઓ ઉપર કળા પૂરેલા સોનાના મોર બેસાડવામાં આવેલ.
- આ મોરના મુખમાં એક એક મોતીની નાની માળા મૂકવામાં આવેલ.
- હિંડોળાના સ્તંભમાં મળ્યા એટલા તમામ પ્રકારના મોતી લગાવવામાં આવેલ.

## 'ભક્ત ચિંતામણિ' માં વર્ણન

સદ્.નિષ્કુળાનંદ સ્વામીએ પોતે જ 'ભક્તચિંતામણિ'(પ્ર-૭૩)માં **'બાર બારણાનાં હિંડોળા'** નું વર્ણન કર્યું છે :

પછી સખે કર્યો તો **હિંડોળા**, સારો શોભિત સુંદર પહોળો ||
બાર બારણે ઓપે અનુપ, જોયા જેવું છે જાળિનું રૂપ || ૧૭ ||
પાંચ શિખરે શોભે નિદાન, જાણિયે વૈકુંઠનું વિમાન ||
કાજુ કનકનાં કોટિમાં લેકે, બહુ ફુલને હારે તે બેકે || ૧૮ ||
રૂડો રચ્યો મળી મુનિરાજ, એવે **હિંડોળે** બેઠા મહારાજ ||

## જ્ઞાનબાગ ખાતે હિંડોળો બંધાયેલ

આજે વડતાલ ખાતે જ્યાં જ્ઞાનબાગ આવેલ છે ત્યાં એક છત્રી છે. તેના અગ્નિ ખૂણામાં બે આંબા હતા. એ બે આંબા વચ્ચે એક મોભ આડો મૂકી તે મોભ સાથે આ બાર બારણાનો **હિંડોળો** બાંધવામાં આવેલ.

'શ્રીહરિલીલામૃતમ્' (ભા-૩,કળશ-૭,વિશ્રામ ૫૯) માં ગવાયું છે :

હે નૃપ આવી હુતાશની, તેહ વાસરની કહું વાત;
બની શોભા જ્ઞાનબાગમાં, ધામ અક્ષર સમ સાક્ષાત. ૧
છે આજ છત્રી જે સ્થળે, એથી અગ્નિ દિશા મોઝાર;
ઉત્તમ આંબા હતા, એક એક તણે અનુસાર ૨
ચતુરાનને (ચતુર્મુખ બ્રહ્મા) ચતુરાઈથી, જાણે રૂડા રચેલા હોય,
અવની ઉપર ઉગિયા, પણ મુક્ત હતા બે સોય. ૩
મોભ મુક્યો તે ઉપરે, હેતે બાંધ્યો **હિંડોળો** ત્યાંય;
નિષ્કુળાનંદે નેહથી, તેની રચી હતી રચનાય. ૪
બાર હતાં તેને બારણાં, રૂડા કમાનદાર કરેલ;
ફુદડીયો સોના તણી, સારી શોભતી માંહિ મહેલ.૫
લીંબુ કરાવી કનકનાં, લટકાવિયાં ચારે પાસ;
કળશ ઝળકે હેમના, જેવા સૂરજ સોમ પ્રકાશ. ૬
વિમાન જે વિબુધો તેમાં, જેની આગળ ઝાંખા જણાય;
કારિગિરી તેની નિરખતાં, વિશ્વકર્મા તે વિસ્મિત થાય. ૭

## કરજણના કાશીદાસભાઈ સુથારનું રંગકામ


'સ્વામિનારાયણ સિધ્ધાંત' નામના ફેસબુક એકાઉન્ટમાં જણાવ્યા પ્રમાણે, સદ્.નિષ્કુળાનંદ સ્વામી નિર્મિત આ બાર બારણાનાં **હિંડોળાનું** રંગકામ વડતાલ ગામના મેવાડા સુથાર ભાણાભાઈના પિતાએ કર્યું હતું. તે કરજણ ગામના હતા અને તેમનું નામ કાશીદાસ હતું.

## આજ લાગે વૈકુંઠથી રૂડું વડતાલ કે હિંડોળે હરિ ઝૂલતા રે

સંતો ભક્તોની પ્રાર્થના બાદ જ્યારે શ્રીહરિ આ બાર બારણાનાં **હિંડોળામાં** ઝૂલ્યા અને બાર દિવ્ય દેહે સૌને દર્શન આપ્યા ત્યારે સદ્.નિષ્કુળાનંદ સ્વામી પોતે જ ગાઈ ઉઠ્યા કે:

આજ લાગે વૈકુંઠથી રૂડું વડતાલ કે **હિંડોળે** હરિ ઝૂલતા રે

સદ્ગુરૂ નિષ્કુળાનંદ સ્વામીના પૂર્વજો લતિપુરના સુથાર



હતા. અને સુથારીકામનો તેમનો મોટો વ્યવસાય પણ હતો. સદ્.નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ લાલજી સુથાર રૂપે શેખપાટમાં થયેલો. લતિપુરના વામમાર્ગી બાવાઓ અને તેમના અનુયાયીઓના ત્રાસથી પિતા રામભાઈ શેખપાટ આવી વસેલા. પોતાની ઈચ્છા ન હોવા છતાં પિતાજીએ લાલજીનાં લગ્ન રિવાજ મુજબ બાલ્યવસ્થામાં કંકુ નામની પતિવ્રતા સ્ત્રી સાથે કરી દીધાં હતાં. પિતાજીના મૃત્યુ બાદ ઘરસંસાર ચલાવવાની જવાબદારી સ્વીકારતા લાલજી સુથારે શેખપાટ રાજ્યનો કારોબાર પણ ચલાવ્યો. આ કારભારના વળતર તરીકે લાલજીને શેખપાટમાં બે સાંતીની જમીન અને બે કોશી વાડી દરબારોએ આપી હતી. તેઓ પોતે સાથીઓ રાખી ખેતી કરાવતા અને લાકડાનું ફર્નિચર પણ બનાવતા હતા. એમણે પોતાના શેખપાટ ગામનો ચોરો પોતાની દેખરેખ નીચે ચણાવી તેમાં કોતરણીવાળી થાંભલીઓ તથા તેનાં કમાડોમાં પોતાની કારીગરી કરી હતી. આજે તે અવશેષ રૂપે દૃષ્ટિગોચર થાય છે. આમ, લાલજી સુથાર કાષ્ટકલાના પ્રથમથી જ કસબી હતા. તેમની આ કલાનો ઉત્તમ નમૂનો 'બાર બારણાવાળો હિંડોળો' છે. (આધાર : સ્વામિનારાયણ સંપ્રદાય કવિ નિષ્કુળાનંદ, ડો.ચન્દ્રકાન્ત ત્રિવેદી, ૧૯૮૦)

## મહત્વ

ભગવાન સ્વામિનારાયણ ભક્તજનોના લાલન-પાલન માટે અનેક સ્થળે અનેક વખત **હિંડોળામાં** ઝૂલ્યા છે. પણ વડતાલમાં બાર બારણાના **હિંડોળામાં** દ્વાદશ સ્વરૂપે ઝૂલીને જે લીલા કરી છે તેવી અન્યત્ર કોઈ જગ્યાએ કરેલી નથી, એમ શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યાએ નોંધ્યું છે. (વડતાલ દર્શન, પૃ.૧૫૯)



## સ્મૃતિ

પુષ્પદોલોત્સવની આ સ્મૃતિને ચિંરજીવી કરવા હોજ, બેઠક અને **હિંડોળાના** સ્થાને છત્રી બનાવવામાં આવેલ છે.

## નિષ્કુળાનંદ સ્વામીએ કરેલ વર્ણન :

આ બાર બારણાનો **હિંડોળો** અને તેમાં બિરાજમાન શ્રીહરિની શોભાનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ' (પ્ર.૭૭) માં કરેલ છે:

પછી સખે કર્યો'તો હિંડોળો, સારો શોભિત સુંદર પહોળો ||
બાર બારણે ઓપે અનુપ, જોયા જેવું છે જાળીનું રૂપ || ૧૭ ||
પાંચ શિખરે શોભે નિદાન, જાણિયે વૈકુંઠનું વિમાન ||
કાજુ કનકનાં કોટિમાં લેકે, બહુ ફુલને હારે તે બેકે || ૧૮ ||
રૂડો રચ્યો મળી મુનિરાજ, એવે **હિંડોળે** બેઠા મહારાજ ||
પછી ધર્યો મુગટ સુજાણે, શોભે સૂર્ય તેજ પરમાણે || ૧૯ ||
અતિ શોભા દિયે છે અપાર, નંગ પંગતિનો નહિ પાર ||
જડ્યાં મણિ માણક ને મોતિ, કરે છે હીરા ઝવેર જ્યોતિ || ૨૦ ||
જોઈ વજ્ર રૂચકની જાત્ય, લાલ નીલે પીળે પાડી ભાત્ય ||
નંગ ઝગમગ કરે જોત્ય, જાણું રવિ શશી થયા ઉદ્યોત || ૨૧ ||
એવાં રૂડાં રતનનો જડ્યો, ઘણે ઘણે હેતે કરી ઘડ્યો ||
એવો મુગટ ધર્યો છે નાથે, પહેર્યા કનકનાં કડાં બે હાથે || ૨૨ ||
કરે વેઢ વિંટી બાજુ, મકરાકૃત કુંડળ કાને કાજુ ||
શિરપેચ ને સોનેરી તોરો, કેડયે બાંધ્યો કનક કંદોરો || ૨૩ ||
હૈયે પહેર્યા છે હેમના હાર, શોભે ફુલની માળા અપાર ||
કર્યા તિલક કેસર તોણાં, તેણે શોભે છે સુંદર ઘણા || ૨૪ ||
પછી જને કરી છે આરતિ, થાય જયજય શબ્દ ત્યાં અતિ ||
મળ્યા જન ત્યાં અતિ અપાર, લઈ ઉભા છે ફુલના હાર || ૨૫

(ભક્ત ચિંતામણિ,પ્ર-૭૩)

## ગઢડામાં હિંડોળા

એક સમે ફૂલદોલોત્સવનો ઉત્સવ ગઢડામાં શ્રીહરિએ ઉજવ્યો. લીમડાની ડાળે ફૂલનો **હિંડોળો** બાંધવામાં આવેલ. દિવસ બે ઘડી ચડ્યો ત્યારે અવિનાશી શ્રીહરિ આવીને **હિંડોળા** પર બેઠા અને જ્યારે સભા થઈ ત્યારે શ્રીહરિએ સંતો અને હરિભક્તોને કહ્યું, 'જગતમાં બુધ્ધિહિન લોકો ધૂળેટીને દિવસે તોફાન કરે છે. કોઈની મર્યાદા રાખતા નથી. અને તે લોકો પાગલ જેવા થઈ જાય છે. તમે જે સંતો અને હરિભક્તો છો તે મર્યાદામાં રહીને એકબીજાનું માહાત્મ્ય જાણજો અને આવી અલૌકિક રીત રાખજો.'

ત્યારબાદ શ્રીહરિ રંગક્રીડા કરવા તૈયાર થયા. શ્રીહરિએ જે હરિભક્તો હતા તેને પોતાની સાથે રાખ્યા અને જે સંતો હતા તેનું જૂથ સામી બાજુએ રાખ્યું. શ્રીહરિ **હિંડોળા** ઉપર ઉભા થઈ ગયા અને તેમણે કેસરી રંગની ભરેલી પીચકારી ચલાવી, તે વખતે ભક્તજનો 'હોરી હે... હોરી...' એમ પોકાર કરતા હતા. જ્યારે શ્રીહરિએ પીચકારી ચલાવી તેની સાથે જ અનેકને રંગ રંગ કરી દીધા. જ્યારે રંગક્રીડા ખૂબ જામી ત્યારે મુક્તોનું બળ ઘણું થવાથી શ્રીહરિ રંગની ધારાઓને સહન ન કરી શક્યા. તેથી, કોઈ ન જાણે તે રીતે, શ્રીહરિ **હિંડોળા**નું દોરડું પકડીને લીંબતરું ઉપર ચઢી ગયા. સંતોએ લીંબતરું ઉપર ખૂબ પીચકારીઓ ચલાવી. રંગ ખલાસ થયો એટલે ગુલાલ ઉડાડ્યો, આકાશ ગુલાલમય થઈ ગયું. શ્રીહરિ હસતા હસતા નીચે ઉતર્યા અને **હિંડોળા** ઉપર બેઠા.

દાદા ખાચરના દરબારમાં રંગોત્સવ ઉજવી શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં રંગોત્સવ ઉજવવા ગયા. (આધારઃ હ.ચ.સા., ભા-૯,પૃ.૧૯,ત-૫)

## માંગરોળમાં દીપમાળાની વચ્ચે શ્રીહરિ હિંડોળે ઝૂલ્યા

પછી સંતો શ્રીહરિની સન્મુખ વાજિંત્રો લઈને આવ્યા. ત્યારે બુધ્ધિમાન મુક્તાનંદ સ્વામી ગાન કરવા લાગ્યા અને બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી અને દેવાનંદ સ્વામી એ બધા સંતો ગાનકળામાં એક એકથી અધિક બુધ્ધિ માન હતા. તે સમયે માંગરોળના હરિભક્તોએ બધાએ ભેળા થઈને દીપામાળા રચી. એ દીપામાળામાં અનંત પ્રકારની કારીગરી કરી હતી. તે દીપમાળાને સાતમાળ કર્યા હતા. દરેક બે થાંભલા વચ્ચે અતિશય વિશાળ કમાનો કરી હતી. અને યોગ્ય જગ્યાએ બિલોરી કાચના ઝાડ લટકાવ્યાં હતાં. બિલોરી કાચની વિવિધ પ્રકારની હાંડીઓ લટકાવી દીધી હતી, જેનો કોઈ પાર ન હતો. તેની અંદરના ભાગમાં વિવિધ પ્રકારનાં રંગ કર્યા હતા. તેની શોભા તો કહી શકાતી નથી. દીપમાળાની વચ્ચે શ્રીહરિને માટે **હિંડોળો** બાંધ્યો હતો. તે દેખનારાના ચિત્તને ચોરી લેતો હતો. જ્યારે તેમાં બધી ચાતુરી-કારીગરી કરી રહ્યા ત્યારે શ્રીહરિને તે **હિંડોળે** બેસાડ્યા. પછી કપૂરની આરતી પ્રકટાવીને પ્રેમથી આરતી ઉતારી. તે પછી 'નારાયણ ધૂન' કરી. તેમાં શ્રીહરિના જેટલાં નામ હતા તે બધાં લીધાં.૭. તે પછી શ્રીહરિની સ્તુતિ કરી. તેમાં પ્રગટ શ્રીહરિએ દેખાડેલા પ્રતાપને વર્ણવ્યો. તેમજ શ્રીહરિએ જે જે અવતાર લીધા હતા તે તે અવતાર દ્વારા જે પ્રતાપ જણાવ્યો હતો તે પણ સ્તુતિમાં કહ્યો. તે પછી સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા અને "જય જય" "જય જય" શબ્દ ઉચ્ચાર્યા. સંતો અને હરિભક્તોએ પરસ્પર "જય સ્વામિનારાયણ" કહ્યા. "જય સ્વામિનારાયણ" આવું નામ બહેનો બહેનોમાં પરસ્પર કહેતા હતા (અને પુરુષો પુરુષોમાં પરસ્પર કહેતા) પણ પુરુષો અને સ્ત્રીઓ સામ સામે "જય સ્વામિનારાયણ "આવો ઉચ્ચાર કરતા નહિ, આવો આ સત્સંગનો ધારો છે. (હ.ચ.સા,પૂ-૯,તરંગ-૭૧, ૧ થી ૧૦)

## મેથાણમાં શ્રીહરિ હિંડોળે ઝૂલ્યા

કવિએ ઉપોદ્‌ઘાત કહ્યો અને પૂજાજી દરબારે શ્રીહરિની પૂજા કરી. મેથાણ ગામમાં શ્રીહરિ સંતો વગેરેને જમાડીને આવ્યા પછી ચિત્તચોર ધર્મકિશોર શ્રીહરિ **હિંડોળે** આવીને બેઠા અને ઘડી કે અરધી ઘડી સુધી **હિંડોળે** ઝૂલ્યા. સંતોએ થોડીવાર મધ્યાહ્નની માનસીપૂજા કરી. મનમાં અતિશય પ્રેમ ભાવથી સહુ શ્રીહરિની ચરણ સેવા કરતા રહેતા. મધ્યાન પછી સહુ સંતો સ્નાન કરી આવ્યા. તે સમયે દરબાર પૂંજાજીના ચોક વચ્ચે ઘણો સારો મંડપ બનાવ્યો હતો. (આધાર હ.ચ.સા., પૂ-૯, તરંગ ૨૨, ૧ થી ૩)

## કરજીસણમાં વડલાની ડાળે હિંડોળા

એક સમે શ્રીજી મહારાજ કરજીસણ પધાર્યા. કરજીસણમાં નાનાભાઈ ભક્ર અને ગોવિંદજી પાટીદાર અગ્રણી હરિભક્તો સહુ હરિભક્તોએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ગામથી પૂર્વમાં એક વિશાળ વડલાનું ઝાડ હતું. ગામલોકોએ તેની ડાળીને એક સુંદર **હિંડોળો** બાંધ્યો. એ ઘણો સુંદર લાગતો હતો. શ્રીહરિ તે **હિંડોળા** પર બેસી રોજ નવી નવી વાતો સત્સંગીઓને કરતા. શ્રીહરિનો સત્સંગ પતે એટલે ત્યાં સંતો ગરબી - કીર્તનો




ગાતા. ત્યારબાદ આરતી અને નારાયણધૂન થાતી. ત્યાં સુધી શ્રીહરિ તે **હિંડોળા** પર બેસતા. ત્યારબાદ ગામમાં પધારતા.

## કારિયાણીમાં હિંડોળા

એક સમે શ્રીહરિએ કારિયાણીમાં દીવાળી તથા અન્નકૂટ ઉત્સવ ઉજવ્યા.કારિયાણીના દરબાર વસ્તા ખાચરે પોતાના દરબાર ગઢના ચોકમાં અદભૂત દીપમાળા આ પ્રસંગે પૂરી હતી. આ દીપમાળાની વચ્ચે એક ભવ્ય **હિંડોળો** બાંધવામાં આવ્યો હતો. પ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને આ **હિંડોળા**માં બેસાડવામાં આવ્યા હતા. સંતો, વર્ણીઓ અને હરિભક્તોની સભા પણ તે દીપમાળામાં જ થઈ હતી. આ પ્રસંગે હરિભક્તોએ ભાતભાતના વસ્ત્રો અને ઘરેણાં શ્રીહરિને અર્પણ કર્યા હતાં. (હ.ચ.સા., ભા-૫, પૂ.૧૨, ત-૪૫, ૧-૫)

## ઉધનામાં સુરતના હરિભક્તોએ શ્રીહરિને બદરીવૃક્ષે હીંચકો બાંધી હેતથી ઝૂલાવ્યા

ધરમપુર જતાં શ્રીજી મહારાજે ઉધના ખાતે રાતવાસો કર્યો હતો. હાલના મહાદેવ ફળિયા ખાતે એક શિવ મંદિર પાસે એક માતાજીનું મંદિર છે તેના ઓટલા પર શ્રીજી મહારાજે રાતવાસો કર્યો હતો. સવારે સુરતના હરિભક્તો શ્રીહરિના દર્શને દોડી આવ્યા. હાલ જ્યાં મહાદેવ ફળિયામાં સ્વામિનારાયણ મંદિર છે તે સ્થાને એક બદરી વૃક્ષ હતું. તેની ડાળીએ સુરતના હરિભક્તોએ હીંચકો બાંધ્યો અને તેના પર શ્રીજી મહારાજને બેસાડી વારાફરતી દરેક ભક્તે ભગવાનને પ્રેમથી ઝૂલાવ્યા હતા. ભગવાને દિવ્ય દર્શન આપી તેમના મનોરથ પૂર્ણ કર્યા હતા. હાલ આ સ્થાને શિખરબંધ મંદિર



નિર્માણ પામી રહ્યું છે. (સુરતના સત્સંગી પત્રકાર બાલુભાઈ છોડવાડિયાએ આપેલ માહિતી.)

## ડભાણમાં હિંડોળા

ડભાણ ગામે (જી.ખેડા) પશ્ચિમ દરવાજા નજીક સ્વચ્છ જગ્યા અને એક શિવાલય હતું. શ્રીહરિને તે જગ્યા ઘણી રમણીય લાગેલી. ડભાણ યજ્ઞ પહેલાં, પોતાના સંતો હરિભક્તો અને ગામજનો સાથે શ્રીહરિ આ સ્થળે ગયેલા. શિવાલયની આગળના ભાગમાં બહુ મોટો અને વિશાળ વડ હતો. તેની છાયામાં શ્રીહરિ સભા કરીને બેઠા. સભા અપરંપાર વિશાળ થઈ. ગામના હરિભક્તો ઘણા પ્રેમી હતા. કેટલાંક દોડીને ગામમાં ગયા અને ઉપાડીને પલંગ લઈ આવ્યા. વડની ડાળે પલંગનો **હિંડોળો** બાંધ્યો અને તેના પર શ્રીહરિને બિરાજમાન કર્યા. બધા હરિભક્તો કીર્તન ગાવાં લાગ્યા અને ગામના ઢોલી આવીને ઢોલ વગાડવા લાગ્યા. તેમાં વચ્ચે વચ્ચે ડુગડુગી વાગતી હતી અને તેમાં જે ઘડિયાળો વાગતી હતી તેનો ખરો રસ જામતો હતો. ત્યાં ઘણાં બધા લોકો ફૂલહાર લઈને આવ્યા. શ્રીહરિ ફૂલહારથી ઢંકાઈ ગયા. શ્રીહરિએ શિવાલયની પશ્ચિમ બાજુના ભાગમાં યજ્ઞ માટે જગ્યા પસંદ કરી. (આધાર - હ.ચ.સા., ભા-૫ પૂ.૧૩, ત-૯, ૨૭થી ૩૭)

## જેતલપુરમાં વડલાની ડાળીએ હિંડોળો

એક સમે શ્રીહરિ, દરબારો-સંતો-પાર્ષદો સાથે, જેતલપુર આમ્રરસોત્સવ કરવા ગયા. જેતલપુર ખાતે સરોવરથી ઉત્તર બાજુ, સરોવરની પાળ ઉપર એક મોટું વટવૃક્ષ હતું. ત્યાં સુંદર છાંયો કરાવ્યો હતો. વડલાની દક્ષિણ તરફની ડાળી સાથે પલંગનો હિંડોળો બંધાવ્યો. **હિંડોળા** ઉપર ગાદી-તકિયા બિછાવ્યા હતા. શ્રીહરિ તે **હિંડોળા** ઉપર બિરાજતા. અહીં જ સંતો ભજન-કીર્તન કરતા અને શ્રીહરિ સત્સંગ કરાવતા. (આધારઃ હ.ચ.સા., ભા-૭, પૂ-૧૭, ત-૪૯)

## ભુજમાં શ્રીહરિ ફૂલના હિંડોળે ઝૂલ્યા

શ્રી વિશ્વેશ્વર ભટ્ટનાં સાંખ્યયોગી દીકરી સુરજબાઈની પ્રાર્થના થકી શ્રીહરિ તેમને ઘેર ફૂલદોલનો ઉત્સવ ઉજવવા પધારેલા. ફૂલદોલના બીજા દિવસે, સુરજબાઈએ સર્વે વાડિયુંમાથી ફૂલ મંગાવીને ફૂલનો ડોળ બંધાવ્યો. અને મહારાજને **હિંડોળા**માં પધરાવીને હરિભકતોએ ઝુલાવ્યા. અને સુરજબાઈએ પ્રથમ પહેરાવેલો પોષાક, તે બીજા દિવસે પણ મહારાજે ધારણ કર્યો ને હરિજનોને ઘણુંક સુખ આપ્યું.

પછી શ્રીજી મહારાજની આગળ સર્વે હરિજનો **હિંડોળાનાં** પદ બોલતા હતા. ઝાંઝ, મૃદંગ વગાડીને ઉત્સવ કરવા લાગ્યા. પછી મહારાજે **હિંડોળામાંથી** ઉતરીને ઉત્સવની સમાપ્તિ કરાવી. અને પોતે થાળ જમવા પધાર્યા ને હરિજનો પોતપોતાને ઘેર ગયા. (આધાર : 'શ્રી પુરૂષોત્તમ લીલા', પૃ.૧૭૧)

## ધમડકામાં શ્રીહરિ સોનેરી હિંડોળે ઝૂલ્યા

જ્યારે પ્રબોધિની એકાદશીનો દિવસ આવ્યો ત્યારે બધા હરિભક્તો ધમડકા આવ્યા. સવારના પહોરમાં જ બધા આવવા લાગ્યા. તે બધા શ્રીહરિના ચરણોમાં નમી પડતા હતા. ભુજના સુંદરજીભાઈ અને ગંગારામ મલ્લ આવ્યા ત્યારે એક સોનેરી **હિંડોળો** બનાવીને સાથે લાવ્યા હતા. શ્રીહરિ તે **હિંડોળા** ઉપર બેઠા. કચ્છના જે હરિભક્તો હતા તે બધાને તે બંને સાથે લાવ્યા હતા. ભક્તોના સંઘ અપાર આવ્યા. વાજિંત્રો વાગી રહ્યા હતા. શ્રીહરિએ ગામમાં ઘેર ઘેર મહેમાન હરિભક્તોને ઉતારા અપાવ્યા હતા. સહુ હરિભક્તો જ્યારે પાછા દર્શન કરવા આવે ત્યારે શ્રીહરિ તેમને ફરીને પૂછતા કે, 'શું તમને ઉતારો મળી ગયો?' વારે વારે આવું જ્યારે શ્રીહરિ પૂછતા ત્યારે તે હરિભક્તોને ખૂબ પ્રિય લાગતું હતું. કદાચ કોઈ ખર્ચી લીધા વિના આવ્યા હોય તો તેમને પણ હેત કરીને પૂછતાં કે, જરૂર હોય તો ખર્ચી અહીંથી લઈ જજો. અહીંયા આવીને કોઈ ભૂખે મરશો નહિ. (આધાર : હ.ચ.સા., પૃ-૭, તરંગ-૧૮, ૩૫ થી ૪૦)

## વલાસણમાં પલંગના હિંડોળા

એક સમે શ્રીહરિ વલાસણ પધાર્યા. ગામના હરિભક્ત જાલમસિંધે રસોઈ આપી. ગામના પાટીદારના ફળીયામાં વિપ્ર પાસે રસોઈ કરાવી. ગામ લોકોએ શ્રીહરિની પધરામણી પણ અહીં જ કરાવી. રસોઈમાં લાડુ સારા કર્યા હતા. શ્રીહરિએ ભાવથી લાડુ આરોગ્યા. ત્યારબાદ શ્રીહરિએ સંતોને પંગતમાં પીરસ્યું. ગામ લોકોએ એક ઝાડની ડાળીએ પલંગ બાંધીને સુંદર **હિંડોળો** બનાવ્યો. શ્રીહરિ તે હિંડોળે બેઠા અને ભક્તજનોને દર્શન દેવા લાગ્યા. પછી ત્યાં સંતોની સભા થઈ અને ભક્તજનોએ શ્રીહરિની ઘણી પૂજા કરી. (આધાર - હ.ચ.સા., ભા-૯, પૃ.૧૫, ત-૫૧)

નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણિ'માં પણ આ લીલા ગાઈ છે :

એમ કરે છે લીલા અપાર સુખ સાગર પ્રાણઆધાર ||
વળતે દને ગયા વલાસણ, દેવા દર્શન અશરણ શરણ || ૩૭ ||
સર્વે સંત હતા વળી સાથ, પોતે ઘોડલે ચડ્યાતા નાથ ||
ગાતાં વાતાં જને નિજ ધેર્યે, પધરાવ્યા પ્રભુ રૂડી પેર્યે || ૩૮ ||
બાંધી હિંડોળે બેસાર્યા હરિ, પછી અતિ હેતે પૂજા કરી ||
પછી જમાડ્યા જીવનપ્રાણ, જમાડ્યા સંત સર્વે સુજાણ || ૩૯ || (પ્ર.૯૯)

## ધોરાજીમાં લાલવડે હિંડોળા

એક સમે ફૂલદોલોત્સવ ઉજવવા શ્રીહરિ ધોરાજી પધારેલા. ધોરાજીમાં લાલવડ ખાતે નિષ્કુળાનંદ સ્વામીએ **હિંડોળો** બનાવેલ. આ **હિંડોળાનું** વર્ણન પ્રસાદાનંદ સ્વામીએ 'શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત'(પૂર્વાધ, પૃ.૧૫૦) માં કર્યું છે. સ્વામી લખે છે.

'..... અને ત્યાં નિષ્કુળાનંદ સ્વામીએ **હિંડોળો** બાંધ્યો હતો. તે **હિંડોળાની** શોભા હું શી કહું! જાણે વિમાન હોય ને શું! જેમ ગામ વડતાલમાં **હિંડોળે** શ્રીજી મહારાજને બેસાડી ઝુલાવ્યા, ને જેમ ગઢડામાં **હિંડોળા** પર બેસાડીને ઝુલાવ્યા, ને જેમ જેતલપુરમાં **હિંડોળો** બાંધીને ઝુલાવ્યા, ને જેમ આદરજમાં **હિંડોળો** બાંધીને ઝુલાવ્યા, ને જેમ મછિયાવમાં **હિંડોળો** બાંધીને મહારાજને ઝુલાવ્યા, ને જેમ સોહરમાં **હિંડોળો** બાંધીને ઝુલાવ્યા, ને જેમ વલાસણમાં હિંડોળા બાંધીને ઝુલાવ્યા, તેમ અહીંયા પણ મહારાજ વાજતે ગાજતે આવ્યા ને ઘોડીએથી ઉતરીને **હિંડોળા** ઉપર બિરાજમાન થયા....'



વાસુદેવચરણ સ્વામી (ગુમાનજી પાર્ષદ) દ્વારા શ્રીહરિ જે જે ગામમાં **હિંડોળે** ઝૂલ્યા તેનું કરાયેલ વર્ણન

**પૂર્વછાયો :**

વડતાલ પાસે જે ગામ છે, તેનાં પુણ્યતણો નહિ પાર;
જ્યારે હરિ આવે વ્રતપુરીએ, ત્યારે ત્યાં જાય વારંવાર....૧
જોળ પ્રભુ પધારિયા, રામદાસ ગોપાળજીને ઘેર;
દલો ભલો એ આદ્યે ભક્ત, તેની ઉપર કરી મેર....૨

**ચોપાઈ :**

લીંબડે બાંધ્યો **હિંડોળો** અનુપ, તેની ઉપર બેઠા સુખરૂપ;
હરિજને હેતે પૂજા કરી, નેણાં ભરીને નીરખ્યા હરિ ....૩
હરિએ જમીને સંત જમાડ્યા, સર્વે જનને મોદ પમાડ્યા;
દીધાં દર્શન ત્યાં બહુવાર, પછી ઘોડે થયા અસવાર....૪
પ્રભુ પધાર્યા કણજરી ગામ, મૂળજી ઈશ્વરદાસને ધામ;
રણછોડ રામોજી ખોજીદાસ, પૂજ્યા અતિ હેતે અવિનાશ....૫
પોતે નાહીને જમ્યા નાથ, પછી જમાડ્યા મુનિને સાથ;
લઈ લાડુ ફર્યા બહુવાર, પછી ઘોડે થયા અસવાર....૬
ગયા નરસંડે શ્રી ઘનશ્યામ, લાલદાસ કુબેરને ધામ;
કાશીદાસ અને વાલોભાઈ, એ આદ્યે બીજા ભક્ત કંઈ....૭
બાંધ્યો હતો **હિંડોળો** પીપર, વાલો બેઠા કરી ત્યાં મહેર;
કરી પૂજા તે સૌ હરિજન, પ્રભુ પૂજીને થયા પાવન....૮
પછી નાહીને જમ્યા શ્રીહરિ, રૂડાં ભોજન તે ભાવ ભરી;
પછી પોતે જમાડિયા સંત, ફેરવી શીરો હાથે ભગવંત....૯
ફર્યા પંગતમાં પંચવાર, જમ્યાં સંત થયો જેજેકાર;
ગયા જીંડવેપરે ઘનશ્યામ, રણછોડ કુબેરદાસને ધામ....૧૦
બાંધ્યો લીંબડે **હિંડોળો** સારો, ત્યાં જઈ બેઠા તે ધર્મદુલારો;
પૂજ્યા હરિજને કરી પ્યાર, ચંદન ચરચી પેરાવ્યા હાર....૧૧
પછી નાહી જમ્યા પ્રભુ પ્રીતે, શાકાપાક ભોજન રૂડી રીતે;
પછી પીરસી જમાડ્યા સંત, લઈ લાડુ હાથે ભગવંત....૧૨



ગયા બામણોલી બહુનામી, સુખસાગર સહજાનંદ સ્વામી;
રૂડી રાયણ ત્યાં તો અનુપ, બાંધ્યો **હિંડોળો** તે સુખરૂપ...૧૩
તેની ઉપર બેઠા પ્રીતે હરિ, આસજી ને તખે પૂજા કરી;
રૂડું ચંદન ચરચ્યું તે વાર, પછી પેરાવ્યા ફૂલના હાર....૧૪
પછી ઓઢાડ્યું કસુંબલ શેલું, ખંભે શોભે સુંદર અલબેલું;
પોતે નાહી જમ્યા ભગવંત, ફેરવી લાડુ જમાડ્યા સંત....૧૫
ગયા આખડોલે કરી મેર, પટેલ ગોવિંદજીને તે ઘેર;
પછી નાહીને જમ્યા છે નાથ, સંત જમાડ્યા લઈ લાડુ હાથ....૧૬
પૂજા કરી બંધાવી પાઘ, લાગ્યા પગે કરી અનુરાગ;
ગયા મહારાજ ચાંગે ગામ, જશુબા ફૂલજી નથુને ધામ...૧૭
રામનાથ ઈશ્વર ગોવિંદરામ, પૂજ્યા પ્રીતે તે ઘનશ્યામ;
રૂડાં પ્રેમી ભક્ત નરનાર, વાલો જમ્યા રહ્યા બહુવાર....૧૮
વાલો ગયા સંજાયે ગામ, વજેરામ ગરીબદાસને ધામ;
લીંબતરુ બે **હિંડોળો** સારો, ત્યાં જઈ બેઠા તે ધર્મદુલારો....૧૯
હરિજને પૂજ્યા કરી પ્યાર, ચંદન ચરચી પેરાવ્યા હાર;
પછી નાહી જમ્યા ઘનશ્યામ પુરૂષોત્તમ પૂરણકામ....૨૦
પછી જમાડ્યા સંતને સ્વામી, લઈ લાડુ ફેરવ્યા બહુનામી;
એવી રીતે જમાડ્યા બહુવાર, સંત પાળાને જગઆધાર....૨૧
ગયા વલેટવે ઘનશ્યામ, રઘુનાથ રણછોડને ધામ;
બાપુભાઈ અને જીજીભાઈ, એ આદ્યે બીજા ભક્ત કંઈ....૨૨
બાંધ્યો વડે હિંડોળો પ્રીતે, બેઠા વાલો જઈ ત્યાં રૂડી રીતે;
પછી નાહીને જમ્યા નાથ, સંત જમાડ્યા લઈ લાડુ હાથ....૨૩
પ્રભુ પૂજ્યા કરી બહુ પ્યાર, ચંદન ચરચી પેરાવ્યા હાર;
મહુડિયેપરે કરી પ્યાર, બાંધ્યો લીંબડે **હિંડોળો** બહુવાર....૨૪
બહુ બેઠા તે જગવંદ, સ્વામી સહજાનંદ સુખકંદ;
જમ્યા કેરીયું તે કીરતાર, દીધી સંતને તે બહુવાર....૨૫
જાતાં આવતાં મહેળાવમાંઈ, ગયા વાલોજી બહુવાર ત્યાંઈ;
ખુશાલ વેણીભાઈ આદ્યે ઘણા, ભક્ત બીજા તેમાં નહિ મણા....૨૬
પૂજ્યા પ્રભુને કરી પ્યાર, ચંદન ચરચી પેરાવ્યા હાર;
કરી સેવા તે ઘણી ઘણી, થયા રાજી અક્ષરના ધણી....૨૭
દીધી રસોઈ તે બહુવાર, જમ્યા સંત ને જગઆધાર;
ગયા વલાસણ ગામ વાલો, ધર્મ ધુરંધર ધર્મનો લાલો....૨૮
બાંધ્યો **હિંડોળો** આંબલીએ સાર, તે પર બેઠા તે ધર્મકુમાર;
પછી નાહીને જમ્યા શ્રીહરિ, જમાડ્યા સંત ત્યાં ભાવ ભરી....૨૯
રઘુરાયજી ત્રિકમ આદિ તેણે, પ્રભુ પૂજ્યા રૂડી રીતે એણે;
બાકરોલે બેચર પૂજોભાઈ, પ્રભુ પૂજ્યા એણે રાજી થાઈ....૩૦
સાખ કેરિયું જમાડી ઝાઝી, થયા સ્વામિનારાયણ રાજી;
દિનકર લક્ષ્મીરામ મયારામ, અજુભાઈ આદ્યે રહે આણંદ ગામ..૩૧
તેણે પૂજ્યા પ્રભુને કરી પ્યાર, ચંદન ચરચી પેરાવ્યા હાર;
દીધી રસોઈ કર્યા બહુ થાળ, જમ્યા સંત ને દીનદયાળ....૩૨
ગયા ડભાણ શ્રી ઘનશ્યામ, રાયજી રૂગનાથને ધામ;

બાંધ્યો **હિંડોળો** વડે બહુ સારો, તે પર બેઠા તે ધર્મદુલારો....૩૩
પછી નાહી જમ્યા ભગવંત, પીરસી લાડુ જમાડ્યા સંત;
પછી પૂજ્યા પ્રભુજીને પ્રીતે, સર્વે હરિજને રૂડી રીતે....૩૪
સુરત દેવાણ જેતલપુર ગામ, મછિયાવ અને ગઢડે ધામ;
વડથલ મેમદાવાદે વાલો, બેઠા હિંડોળે શ્રીધર્મલાલો....૩૫
ગયા ગોવિંદ બોચાસણ ગામ, લાલબાઈ કાશીદાસને ધામ;
બાંધ્યો વડે **હિંડોળો** સાર, તે પર બેઠા તે ધર્મકુમાર....૩૬
સર્વે હરિજને પૂજ્યા કરી પ્યાર, ચંદન ચરચી પેરાવ્યા હાર;
પછી નાહી જમ્યા ભગવંત, ફેરવી લાડુ જમાડ્યા સંત....૩૭
એ આદ્યે અનેક હરિજન, પ્રભુને પૂજી કર્યા પ્રસન્ન;
મેં તો લખ્યું સંક્ષેપે લગાર દીઠું નજરે તે કે'તાં નાવે પાર....૩૮
('હરિચરિત્ર ચિંતામણિ', કિરણ ૧૦૪)

વાસુદેવચરણદાજી સ્વામી (ગુમાનજી પાર્ષદ) એ 'હરિચરિત્ર ચિંત્રામણિ' (કિરણ ૧૦૪)માં શ્રીહરિ જે જે ગામમાં **હિંડોળે** બેઠા તેનું વર્ણ કર્યું છે. **વડતાલમાં** શ્રીહરિ અનેક વખત પધાર્યા. વડતાલનો આંબલો, આબંલી અને આંબાની ડાળે જોબન પગી, રણછોડભાઈ બાપુ, નારાયણગિરિએ બનાવડાવેલ વિવિધ પ્રકારના **હિંડોળા** પર શ્રીહરિ અનેક વખત ઝૂલેલા. ભાઈરામ નામના બ્રાહ્મણે ઉધના ખાતે બાવળના ઝાડ પર બનાવેલ હિંડોળા પર શ્રીહરિ ઝૂલેલા. વડતાલ પાસેના જોળ ગામે લીમડા પર બનાવેલ હિંડોળે શ્રીહરિ ઝૂલેલા. **વલાસણ** ગામે આંબલિયે બનાવેલ હિંડોળે, **દેદરડે** વડ પર બનાવેલ **હિંડોળે**, **કણજરી** ગામે વડે બાંધેલ હિંડોળે, નરસંડા ગામે વડે બાંધેલ હિંડોળે, જીંડવેપરે લીંબડે બાંધેલ ઢોલિયાના હિંડોળે, **બામરોલી** ગામે રાયણ અને લીંમડા પર બાંધેલ હિંડોળે, **સંજાયા** ગામે લીમડા પર બાંધેલ **હિંડોળે**, **વલેટવા**, **બોચાસણ**, **ડભાણ**, **મછિયાવ**, **આદરજ**, **અસલાલી**, **વડથલ** અને **મહેમદાવાદ** ગામોએ વડ પર બાંધેલ **હિંડોળા** પર, **જેતલપુર** ગામે રૂડી રાયણ પર બનાવેલ **હિંડોળે**, **કરજીસણ** ગામે આંબલી પરના **હિંડોળે**, **દહેવાણમાં** અને **સુરતમાં** **હિંડોળા** ખાટે, **કારિયાણીમાં** દરબાર મધ્ય લીમડા પર બાંધેલ **હિંડોળે**, સારંગપુરમાં પણ લીમડા પર બાંધેલ **હિંડોળે**, **ધોરાજી**, જમુનાવડે **હિંડોળા** ખાટે શ્રીહરિને હરિભક્તોએ પૂરા લાડથી ઝૂલાવેલ. **ગઢડામાં** દરબારમાં, લક્ષ્મીવાડીએ, રઘુવીરજીના વંડે, અવધપ્રસાદજીને વંડે લીમડા પર બાંધેલ **હિંડોળે** શ્રીહરિ ઝૂલેલા. **આમ, ૩૦ જેટલા ગામોએ શ્રીહરિને હિંડોળે હરિભક્તોએ ઝૂલાવેલ.**

સ્વામીજીએ અંતે લખ્યું છે:
સર્વે હિંડોળે બેઠા સુખદાય રે, સહસ્ર મુખે શેષજી ગાય રે;
કે'તાં કોય ન પામે જેનો પાર રે, એવા હરિ અક્ષરના રહેનાર રે.

અંતે, બ્રહ્માનંદ સ્વામીના એક પદથી શ્રીહરિની હિંડોળા લીલાને મનોમન વંદીએ :

**હિંડોળો** ઘનશ્યામ હરિનો, અતિ રૂપાળો લાગે રે;
સજની અંતર વાધે સુખડું, ભવનું દુઃખડું ભાગે રે. **હિંડોળો ૧**
છેલ ચતુરવર છોગાળા કેરી, મૂર્તિ મનોહર પ્યારી રે;
અલબેલા મનમોહન ઉપર, તન,ધન નાખું વારી રે. **હિંડોળો ૨**
હિંડોળાની શોભા હેલી, વર્ણવ્યામાં નવ આવે રે;
લટકાળા કેરું છોગલીયું, ચિત્તડાને લલચાવે રે. **હિંડોળો ૩**
કનક સ્તંભ હિંડોળો કાજુ, દોરી રેશમ કેરી રે;
બ્રહ્માનંદનો વહાલો ઝુલે, લાલ મનોહર લહેરી રે.**હિંડોળો ૪**
(કીર્તન સાર સંગ્રહ, ભા-૨, પૃ-૮૧)

## વિરાટનો હિંડોળો

આજ અર્ધ રાત હતી ત્યારે અમારે નિદ્રા ઊડી ગઈ હતી. પછી અમે ઉત્તરાદિ દિશા સામું મુખ કરીને સૂતા હતા. પછી ધ્રુવનો તારો દીઠો ત્યારે એમ વિચાર થયો જે, આ તો ઉત્તરધ્રુવ છે પણ શાસ્ત્રમાં દક્ષિણધ્રુવ કહ્યો છે તે ક્યાં હતે ? પછી અમે દક્ષિણ ધ્રુવ જોયો ત્યારે તે પણ દીઠો અને જેમ કૂવા ઉપર પાણી સિંચવાનો ફાળકો હોય તેવી રીતે બે ધ્રુવને વચ્ચે મોટો ફાળકો દીઠો ને તે ફાળકાના મેરુનાં બે ઠેબાં તે બે કોરે ધ્રુવને અડી રહ્યાં છે, જેમ લાકડાના સ્તંભ હોય ને તેમાં લોઢાની આરો ખૂંતીને રહી હોય તેમ છે અને તે ફાળકા ઉપર જેમ સૂતરની ફેલ વીટીં હોય ને તે ફાળકા સંધાથે જેમ પીતળની ફૂદડીઓ જડી હોય તેમ સર્વે તારા ને દેવતાને નવગ્રહાદિક, તેના જે સ્થાનક તે ફાળકાને આશરીને રહ્યાં છે તે સર્વેને જોયાં. અને પછી સૂર્ય ને ચંદ્ર તેનો ઉદય ને અસ્ત તે એક જ ઠેકાણેથી થાય છે. તે પણ જોયો, પછી અંતર્દ્રષ્ટિએ કરીને જોયું ત્યારે જેટલું ધ્રુવ આદિક બ્રહ્માંડમાં છે તેટલું સર્વે પિંડમાં પણ દીઠું, પછી આ દેહને વિષે જે ક્ષેત્રજ્ઞ છે, તેને પણ દીઠો પછી તે ક્ષેત્રજ્ઞમાં પુરૂષોત્તમ ભગવાન રહ્યા છે, તેને પણ દીઠા. તે ભગવાનને જોઈને ભગવાનના સ્વરૂપને વિષે અતિશય વૃત્તિ જોડાઈ ગઈ, પછી સમાધિમાંથી કોઈ પ્રકારે નીકળાયું નહિ. પછી તો કોઈક ભક્તજને આવીને અમારી સ્તુતિ બહુ કરી તેની દયાએ કરીને અમારે પાછું દેહમાં અવાયું. (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ .૧)

**( નોંધ :- શ્રીહરિનાં આ સંકલ્પનાં આધારે કવિ દલપતરામનાં સુપુત્ર કવિવર નાનાલાલએ વિરાટનો હિંડોળો નામક અમર કાવ્ય લખેલ.)**

# ગુરૂ - શિષ્ય (ગુરૂપૂર્ણિમા વિશેષ)

લેખક : ડૉ. શા. સંતવલ્લભદાસ - આ. કો. વડતાલ

यस्य देवे पराभक्ति यथा देवे तथा गुरौ ।

तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मन : ।।


- શ્વેતાશ્વતરોપનિષદ્

"શ્રુતિમાં કહ્યું છે જે, જેવી પરોક્ષદેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરૂરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે."

- વચનામૃત ગ.અં.૨

જેમને દાદાખાચરની જેમ પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ થઈ હોય, તેમને આ અંક વાંચવાની કોઈ જરૂર નથી. જેને પર્વતભાઈની જેમ ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિ દેખાતી હોય તેમણે પણ આ વાંચીને સમય પસાર કરવાની કોઈ જ જરૂર નથી. તેઓ અંહિથી જ વાંચવાનું બંધ કરે તો કંઈ ખોટું નથી.

પરંતુ જેમને ભગવાનને પ્રાપ્ત કરવા છે. કારણ શરીરને બાળવું છે. મૂર્તિભાવ ટાળીને પ્રગટભાવ દ્રઢ કરવો છે. બ્રહ્મરૂપ થવું છે; ચૌદ ઈન્દ્રિયોની ક્રિયાઓથી પર થવું છે. ટુંકમાં આત્મશ્રેય પ્રાપ્ત કરવું છે. તેને હાથ જોડીને પ્રાર્થના છે કે, આ લેખ આ અંક ખૂબ જ ધ્યાનથી - પૂર્વગ્રહ-દુરગ્રથી દુર રહીને વાંચવો... અને આત્મનિરિક્ષણ કરવું... આ વાવવિવાદનો વિષય નથી; આત્મકલ્યાણનો વિષય છે....



મુમુક્ષતાને સાર્થક કરવા આ અંક આપને સહાયરૂપ થશે....

સંસાર સાગર પાર કરવા ઈચ્છતા સાધકને વ્યાસજી "गुरुभवम्" સદ્ગુરુરૂપી નૌકા બતાવે છે. એ નાવડી સ્વરૂપ ગુરૂને મુમુક્ષુ પ્રથમ "સદ્ગુરૂ" રૂપે સ્વીકારે. તેમની શરણાગતિ સ્વીકારે અને અંતરદાહ નાશ થાય એટલે "गुरुदेवोभव" ની ભાવના મૂર્તિમંત થાય. એ ભાવના તેના વચનોને આચરણમાં મૂકવામાં મદદરૂપ થાય... મન - કર્મ - વચનથી તેની અનુવૃત્તિ દ્રઢ કરતા કરતા સાધક "આત્મસુખાનુભૂતિ" કરે છે. તે સુખના દાતા સ્વયં ભગવાન છે. સાધકને તે સુખ ગુરૂવચનના વિશ્વાસે પ્રાપ્ત થાય છે.... એટલે તે ગુરૂને ગોવિંદસ્વરૂપે જુવે છે. આ સાધકની ક્રમિક ભાવવિકાસની ભૂમિકા છે. જે સદ્ગુરૂમાં સાધકને ગોવિંદના દર્શન થાય છે. તે સદ્ગુરૂ સાધુગુણ સંપન્ન હોય શકે, બ્રહ્મસ્વરૂપ હોય શકે, પરબ્રહ્મ સ્વરૂપ પણ હોય શકે; પુરૂષોત્તમ વતે પુરૂષોત્તમ ઓળખાય છે.... જો સાધક પુરૂષોત્તમરૂપ સદ્ગુરૂના શરણે હોય તો પોતાને ગોવિંદરૂપ માનતા સાધકને તે સદ્ગુરૂ સહજાનંદકંદ શ્રીહરિની ઓળખાણ કરાવે છે... જે સદ્ગુરૂ શરણાગતને પરબ્રહ્મના સ્વરૂપની ઓળખાણ આપે છે તે નિઃસ્વાર્થ ભૂમિકાએથી બોલે છે. જીવના હિત માટે આપે છે. પરંતુ જીવ જો સદ્ગુરૂને સમજીના શકે તો ભગવાનને પણ ઓળખી શકતો નથી. કારણ કે જેના અનુભૂતિયુક્ત વચનોથી પરબ્રહ્મને ઓળખવાના છે તેના વચનમાં તેને પ્રતિતિ નથી. માટે તે સત્ય સ્વરૂપ પરમાત્માને સાક્ષાત પ્રાપ્ત કરે તો પણ ઓળખી ના શકે.

ઉક્ત ક્રમિક ભાવવિકાસના ચરમ શિખરે પહોંચીને પુરૂષોત્તમરૂપ ગુરૂને ગોવિંદસ્વરૂપ માનતો સાધક પુરૂષોત્તમરૂપ ના સુખને ગુરૂ વચને સમજી શકે છે. ઘણીવાર અલ્પજ્ઞ લોકો કટાક્ષ કરતા હોય છે... "તારા ગુરૂ પાસે ધામની ચાવી છે." તેને દલપતરામની ભાષામાં કહેવાય

"હા, અજ્ઞાનના પ્રત્યેક પટલને ભેદી શકે એવી જ્ઞાનરૂપી ચાવી એમના પાસે છે." તારા જીવનની કોઈ સમસ્યા હોય તો પણ જરૂર તે ચાવી કામ લાગશે; જરૂર પડે તો યાદ કરજે, મહાપુરૂષોને કોઈ પરાયું નથી હોતું.

આજ વાતને બ્રહ્માનંદ સ્વામીના પ્રાસાદિક શબ્દોમાં રજુ કરૂં તો એમ કહેવાય કે, "જ્ઞાનકૂચી ગુરૂગમ સે ગયા તાળા ઉઘડી." જે સદ્ગુરૂ પાસેથી આ ચાવી પ્રાપ્ત કરે છે તેના પ્રત્યેક દરવાજા ખૂલ્લા છે. "प्रयच्छति गुरु: प्रीत: वैकुण्ठं योगीदूर्लभम् " વિશુદ્ધ મુમુક્ષુતાથી પ્રસન્ન થયેલા ગુરૂ શિષ્યને યોગીઓને દુર્લભ એવું વૈકુંઠ પણ આપી શકે છે. આ શાસ્ત્રીય વાત છે, વાડાબંધીની નહિ.

પરંતુ આ વાત એ જ વ્યક્તિ સમજી શકે છે (૧) જેને આ તથ્ય સત્યની સ્વાનુભૂતિ પ્રાપ્ત થઈ હોય (૨) જેની મુમુક્ષુતા અતિ તીવ્રતમ હોય. ને વિશ્વાસી હોય. આ બે સાધકો જ આ વાતને સમજી શકે છે. માટે મારી કરબદ્ધ પ્રાર્થના છે કે, જે આ બે માંથી એક પણ પ્રકારમાં પોતાને ન માનતા હોય તેવા નુગરાઓએ ગુરૂ મહિમા કે ગુરૂનિંદાથી દૂર રહેવું જોઈએ. જે સન્નારીએ એક પણ સંતાનને જન્મ નથી આપ્યો તેને પ્રસૂતિની વેદના શી રીતે સમજાય? જેને પારણે બાળક ઝુલે છે એ પ્રસૂતિની વેદના કહે તે સાચી જ હોય; બાકિ બીજી તો વાતોના વડા કરતા હોય....

તેમ જે ગુરૂના સાનિધ્યને પામ્યો હોય તેજ તેના લાભ હાનિની ચર્ચા; સાચા-ખોટાની અનુભૂતિનો અભિવ્યક્તિ કરી શકે. સંપૂર્ણ જીવન પોથીના બળે બીજાનું બળ તોડવામાં જ કાઢ્યું હોય, તેને તો સ્વકર્મવિપાકની જ રાહ જોવી રહી. કારણ કે, મહાપુરૂષોની પદરજ પ્રાપ્ત કર્યા વિના આધ્યાત્મિક માર્ગે ચાલ્યા ઘણા હશે. ચાલે પણ છે અને કદાચ જ્ઞાનના અભાવે ચાલશે પણ ખરા, પણ સફળ હજુ સુધી કોઈ નથી થયું. માત્ર "हर कुत्ता अपनी गली का शेर होता है" તેમ પોતાની આસપાસ ફરતા ચમચાઓની વચ્ચે "ડાયરેક ડાયલ"ની વાતો કરી જીંદગી પૂરી કરવાની હોય છે. અસ્તુ

આપણે આપણી વાત કરીએ. આપણા જીવનની સાચી દિશા કઈ? આપણી સાચી પ્રાપ્તિ કઈ? પુરૂષોત્તમરૂપ સદ્ગુરૂની પ્રાપ્તિ. એવા પુરૂષ મળે ત્યારે ભગવાન યથાર્થ ઓળખાય છે. ભગવાનના સુખની પ્રાપ્તી થાય છે. પણ આવા પુરૂષ જે બ્રહ્મરૂપ થઈને પ્રભુભજન કરતો હોય તેને જ ઓળખાય છે બાકિ "એને દેહદર્શી દેખે, પોતા જેવા સંસારી" આવું થાય છે. માટે દેહભાવ છોડીને મહાપુરૂષોનો સંગ કરવો... જો દેહભાવ હોય તો સુખ દુ:ખ; માન-અપમાન જેવા પ્રસંગોએ નુગરાઓના શબ્દબાણ આપણી શ્રધ્ધાને ઘાયલ કરી શકે છે. તે તારા ગુરૂને રસોઈ-ધોતીયા-ગાડી-મકાન-પૈસા આપ્યા તારા ગુરૂએ તને શુ આપ્યું? અપમાન - બેઈજ્જત કર્યો. તુ તો ધન્ય ગઈ ગયો. "શેર બજારમાં પૈસા જાય; પોતાની દિકરી ઈતરજાતિના ઘરમાં પ્રેમલગ્ન કરે " તોપણ સંસારમાંથી નિષ્ઠા ન ડગે. બેઈજ્જત ન થાય, કેમ કે દેહભાવ દ્રઢ છે. તેમ જેને આત્મભાવ દ્રઢ થાય તે ગમે તેવી સ્થિતિમાં પણ સદ્ગુરૂને છોડે નહિ. અધ્યાત્મથી પડે નહિ. નુગરાઓ તેને નડે નહિ. તેના શબ્દો તેને અડે નહિ આ શાસ્ત્રીય વાત થઈ.

હવે બીજી વાત કરીએ આધુનિક સમયની વર્તમાનમાં ગુરૂ વિનાના સાધકો ભૂતકાળ કરતા વધી રહ્યા છે, આ વાસ્તવિકતા છે. ગુરૂના સાનિધ્યમાં સાધક ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરતો તે ભૂતકાળ થઈ રહ્યો છે. તેમાં આજના કહેવાતા ગુરૂઓએ પણ વિચારવા જેવું છે. મુમુક્ષુઓ ઉપરોક્ત



ગુરૂગૌરવગાથા સાંભળીને તન-મન-ધન કુરબાન કરવા ઉત્સુક હોય છે તેનો લાભ લેવા બધાને ગુરૂ થવું છે... "ગુરૂ" શબ્દનો અર્થ-ભાવાર્થ કે ગૌરવને સમજ્યા વિના કોઈ જન્મથી "ગરૂ લેબલ" પ્રાપ્ત કરે છે. કોઈ પદ-સત્તાથી ગુરૂ બને છે. ઘણા અક્કલથી ગુરૂ હોય છે. ઘણા કર્મથી ગુરૂ હોય છે. ઘણા વ્યવસાયથી ગુરૂ હોય છે અને ઘણા આ બધા ગુરૂઓની "ગુરૂગિરિ" વચ્ચે ગુણવૈભવથી ગુરુ હોય છે.

વાસ્તવમાં હૃદયનો સંતાપ દૂર કરે તે ગુરૂ છે. ગુરૂને ગુરૂના રૂપમાં શિષ્યએ શ્રદ્ધાથી સ્વીકારવાના હોય છે. પણ શિષ્યને ગુરૂ કરતા ગુરૂને શિષ્યમાં વધારે શ્રધ્ધા દેખાય છે. જે ગુરૂ શિષ્યને શિષ્યત્વ આપે તેને પોતાનું ગુરૂત્વ સાબિત કરવાની જરૂર નથી. તે સ્વતઃ ગુરૂ બની જાય છે. પરંતુ વર્તમાનમાં શિષ્યને શિષ્યત્વ આપવાની વાત વિસરાતી જાય છે. અને પોતાની ગુરૂતા પ્રુફ કરવાની વાત જો પકડતી જાય છે. પરિણામે એક ઘરમાં પિતાના પિતા દિકરાના દિકરા કહે છે કે, હું તારા બાપનો બાપ છું. તુ મારૂં કેમ ન માને? આમ કર-આમ કર- આવી દાદાગિરિ અભદ્ર સમાજમાં પણ સંભળાય છે. પરંતુ હવે ભદ્રપથપર પણ "હું તારા ગુરૂનો પણ ગુરૂ છું" આવી ગુરૂગિરિ શરૂ થઈ છે. જેને શિષ્યત્વ નથી આપ્યું તેના પર ગુરૂત્વ કેવી રીતે સ્થાપી શકાય?

અને હા શિષ્યત્વ આપવું તે કંઈ ચણા-મમરા ખાવાની વાત નથી. લોઢાના ચણા ચાવવા જેવી કઠણ વાત છે. મુમુક્ષુના આંતર જગતમાં ઉઠતા પ્રત્યેક યુદ્ધના સેનાપતિ ગુરૂએ બનવું પડે છે એટલું જ નહિ. યુદ્ધ જીતવું પણ પડે છે. જ્યારે અનુવૃત્તિ વાળા શિષ્યને ગુરૂ આંતરિક લડાઈમાં વિજય અપાવે છે ત્યારે તે ગુરૂત્વની સામે પરાજીત થઈને શિષ્યત્વ તરફની ભાવનાઓ દ્રઢ કરે છે. પછી એ શિષ્યને સદ્‌ગુરૂથી કોઈ છૂટો ન કરી શકે... અને હા, આવું શિષ્યત્વ આપ્યા પછી ગુરૂએ ગુરૂત્ત્વ સાબિત કરવાની જરૂર પણ નથી રહેતી. પછિએ ગુરૂ દ્રોણ બને તો શિષ્ય એકલવ્ય બનવા તૈયાર હોય છે. પણ મૂળવાત શિષ્યત્ત્વ આપવાની છે. શિષ્યત્ત્વ ત્યારે જ સાર્થક થાય જ્યારે ગુરૂમાં ગુરૂત્વ હોય...

માટે નામ-પદ-પ્રતિષ્ઠા-પ્રજ્ઞાના બળ પર જે ગુરૂઓ બન્યા હોય તેમને કરબદ્ધ પ્રાર્થના છે કે, "ગુરૂગિરિ ના કરે."આ ધર્મનો માર્ગ છે. તમારી તાકાત હોય એટલા જીવને જ્ઞાન આપો; કોણ રોકે છે? પણ જે પાંચ-પચીસ મુમુક્ષુઓ છે તેમાં જ બધા જ ગુરૂગિરિ કરવા લાગી જાય ત્યારે મુમુક્ષુઓની શ્રદ્ધા તૂટતા વાર ન લાગે. આ શેરીનું કુતરુ સામેની શેરીના કૂતરાને જોઈને ભસવાનું શરૂ કરી દે છે તેમ થાય ત્યારે જાગૃત મુમુક્ષુને કેમ ગમે?

પૂજ્ય સંતો ઘણીવાર કહે છેકે, આદર્શ ગુરૂએ જ થઈ શકે જે આદર્શ શિષ્ય હોય. ગુરૂમાં જે ડાયરેક ગુરૂપદે આવ્યા છે તેને શિષ્ય પ્રત્યેના કર્તવ્યનું ભાન નથી. શિષ્ય થયા નથી માટે જ શિષ્યની શી અપેક્ષાઓ હોય શું હોય છે ગુરૂ પાસેથી, તેનો પણ ખ્યાલ નથી. માત્ર સ્વઅપેક્ષાઓની જ સ્મૃતિ હોય ત્યાં સુધી ગુરૂત્વ પ્રાપ્ત નથી થતું અને કદાચ ગુરૂત્ત્વ હોય તો પણ સ્વઅપેક્ષા સંતોષવાની વાત આવે છે ત્યારે તેમાં ક્ષતિ પહોંચે છે. દા.ત.દ્રોણ એકલવ્ય પાસે અંગૂઠો માંગે છે ત્યારે દ્રોણનું ગુરૂત્ત્વ હારે છે અને એકલવ્યનું શિષ્યત્ત્વ જીતે છે. ગુરૂ માટે જેમને ગુરૂપદને શોભાવવું હોય તેમણે કોઈ સદ્‌ગુરૂના શિષ્યત્ત્વને સ્વીકારવું જોઈએ. જેથી ભવિષ્યમાં પ્રાપ્ત થનારા ગુરૂપદ વિષે સભાનતા કેળવાય અને ગુરૂગૌરવ અક્ષુણ્ણ રહે નુગરાઓ મૌન રહે....

રામાયણમાં પ્રતાપભાનુને અને હનુમાનજીને કપટમુનિ અને કાળનેમી ગુરૂ સંતના રૂપમાં મળેલા. મા સીતાને રાવણ સંતના રૂપમાં મળેલો સત્સંગિજીવનમાં અશ્વત્થામાં ધર્મદેવને કપટના રૂપમાં મળેલો.આ આ બતાવે છે સારા મુમુક્ષુઓને પણ ખલગુરૂઓ ચલિત કરવા મથતા રહે છે. માટે મુમુક્ષુઓએ સાવધાની રાખવી જરૂરી છે.







**વૃંદાવન (ઉત્તરપ્રદેશ)** મુકામે પૂ.હરિવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત દ્વિતીય પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી, પૂ.આનંદ સ્વામી વગેરે સંતો. **તા. ૧૯/૪/૨૦૧૭**




**વડતાલધામ** મુકામે પ્રો.હરેન્દ્ર ભટ્ટ (વિદ્યાનગર)ના ૯૨ મા જન્મદિન પ્રસંગે આશીર્વાદ આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં પૂ.સંતો **તા.૨૦/૪/૨૦૧૭**



**વડતાલધામ** દર્શનાર્થે સીનીયર સીટીઝન નડીઆદના ડી.એન.બારોટ રીટાયર ડિસ્ટ્રીક્ટ જજ, [illegible] મંત્રીશ્રી એન.એ.[illegible] તથા અન્ય સત્સંગીઓ સાથે પૂ.શ્યામ સ્વામી. **તા. [illegible]**








**સુરત કલાકુંજ** મુકામે પૂ.નીલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત ૧૮ મા પાટોત્સવ તથા સ્વા.મીશનનાં ૫ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી,આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી, ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત,પૂ.પ્રેમપ્રકાશ સ્વામી એવં સંતો - ભક્તો. **તા.૨૭/૪ થી ૪/૫/૨૦૧૭**





**ધોરાજી** મુકામે પૂ.મોહન સ્વામીની પ્રેરણાથી આયોજીત ૩૩ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.હરિકૃષ્ણ સ્વામી - સુરત,પૂ.હરિપ્રિય સ્વામી, પૂ.ભક્તિજીવન સ્વામી - હરિયાળા, પૂ.ધર્મવલ્લભ સ્વામી - કરંજ સુરત, પૂ.વિશ્વવલ્લભ સ્વામી - સુરત. **તા.૨૭/૪/ થી ૧/૫/૨૦૧૭**





**મેતપુર (ખંભાત)** મુકામે પૂ.બાલકૃષ્ણ સ્વામીની પ્રેરણાથી આયોજીત ૨૨ મા પાટોત્સવ તથા બાળધૂન મંડળના ૯૨ મા વાર્ષિકોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.મહારાજશ્રી, પૂ.નૌતમ સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી, પૂ.નારાયચરણ સ્વામી-બુધેજ વગેરે પૂ.સંતો-ભક્તો. **૨૮/૪/૨૦૧૭**




**સિકંદરાબાદ (હૈદરાબાદ)**મુકામે ૪૪ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.નૃત્યગોપાલ સ્વામી એવં ભક્તજનો. તા.૩૦/૪/૨૦૧૭





**સુરત રામપુરા** મુકામે ૧૮૧ મા પાટોત્સવ નિમીતે અભિષેક,અન્નકૂટ,યજ્ઞ,સભા પ્રસંગે ઉપસ્થિત કો.હરિજીવન સ્વામી, પૂ.નારાયણ સ્વામી, ટ્રસ્ટીશ્રી બ્ર.પ્રભુતાનંદજી, પૂ.કે.પી.સ્વામી - જામનગર. **તા.૩૦/૪/૨૦૧૭**








**વડીયા (અમરેલી)** મુકામે માનનૃ સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ૧૩ મો પાટોત્સવ - નૂતન ગેટ શિલા પૂજન પ્રસંગે ઉપસ્થિત પૂ.ચૈતન્ય સ્વામી - લોજ, પૂ.હરિપ્રકાશ સ્વામી - પોરબંદર, પૂ.નારાયણ સ્વામી - ઉધના, પૂ.આનંદ સ્વામી - વડીયા, પૂ.શ્રીરંગ સ્વામી - વડોદરા વગેરે પૂ.સંતો - ભક્તો. **તા.૩/૫/૨૦૧૭**



**હરિદ્વાર ઉત્તરાખંડ** મુકામે પૂ.હરિવલ્લભ સ્વામીની પ્રેરણાથી આયોજીત ૧૫ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. **તા.૨/૫/૨૦૧૭**



**સુરત કતારગામ** મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - સુરતના વક્તાપદે આયોજીત શ્રીરામકથા પ્રસંગે ઉપસ્થિત પૂ.હરિપ્રિય સ્વામી, પૂ.પ્રભુચરણ સ્વામી, પૂ.બાલકૃષ્ણ સ્વામી, પૂ.નિર્ગુણ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. **તા.૫ થી ૧૧/૫/૨૦૧૭**



**ભરૂચ** મુકામે પૂ.પુરૂષોત્તમ સ્વામી (પાટીલ સ્વામી)ની પ્રેરણાથી આયોજીત પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સરજુદાસ સ્વામી વગેરે પૂ.સંતો તથા યજમાનો એવં ભક્તો. **તા.૫/૫/૨૦૧૭**



**રાજકોટ ઉદયનગર** મુકામે પૂ.દેવ સ્વામી - વંથલીની પ્રેરણાથી આયોજીત તૃતીય વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક,અન્નકૂટ, સત્સંગસભા. **તા.૫/૫/૨૦૧૭**



**જેતપુર** મુકામે સપ્તદિનાત્મક કથામૃતનો લાભ આપતાં પૂ.નીલકંઠચરણદાસજી સ્વામી તથા ઉપસ્થિત ભક્ત સમુદાય **તા.૬ થી ૧૨/૫/૨૦૧૭**



**ભાયાવદર (અમરેલી)** મુકામે હરિભક્તોના ઘરે પધરામણીનો લાભ આપતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. **તા.૭/૫/૨૦૧૭**



**ડભાણ (નડીઆદ)** મુકામે પૂ.બળદેવ સ્વામી દ્વારા આયોજીત ૧૩૦ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.મુની સ્વામી, વક્તાશ્રી પૂ.રઘુનંદન સ્વામી, યજમાનશ્રી ઘનશ્યામભાઈ - ખાંધલીવાળા એવં ભકતજનો. **તા.૭/૫/૨૦૧૭**



**પુના સાંગવી તથા રાસ્તાપીઠ** બંને મંદિર મુકામે ૨૪ મા વાર્ષિક પાટોત્સવ નિમીતે અભિષેક-અન્નકૂટ-સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી - વાશી ગુરૂકુલ એવં ભક્તજનો **તા.૭/૫/૨૦૧૭**



**વડોદરા વાડી** મુકામે પૂ.જગતપાવન સ્વામી દ્વારા આયોજીત ૧૪૨ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.સત્સંગભૂષણ સ્વામી, પૂ.ન્યાલકરણ સ્વામી, વગેરે પૂ.સંતો તથા યજમાન પરિવાર **તા.૮/૫/૨૦૧૭**



**મિત્રાલ (નડીઆદ)** મુકામે પૂ.નૌતમસ્વામીની પ્રેરણાથી આયોજીત છઠ્ઠા પાટોત્સવ પ્રસંગે પૂ.લાલજી મહારાજશ્રી, પૂ.પી.પી.સ્વામી - જલગાંવ, પૂ.ધર્મનંદન સ્વામી - સંધાણા, પૂ.શ્રીજી સ્વામી - હરિયાળા વગેરે સંતો - ભક્તો. **તા.૮ થી ૧૧/૫/૨૦૧૭**





**માલેગાંવ (મહારાષ્ટ્ર)** મુકામે કો.ભગવતપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત પાટોત્સવ - કથાપારાયણ પ્રસંગે વક્તાશ્રી શ્રી વિશ્વવલ્લભ સ્વામી - પીજ, પૂ.કે.પી.સ્વામી, ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત એવં પૂ.સંતો - ભક્તો. **તા.૧૦ થી ૧૬/૫/૨૦૧૭**





**નડીયાદ** મુકામે શ્રી કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ આયોજીત સત્સંગ ભુવન વાસ્તુ પૂજન સમારોહ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.શાંતિપ્રિય સ્વામી – ડભાણ, પૂ.બળદેવ સ્વામી – ડભાણ, પૂ.પી.પી.સ્વામી – જલગાંવ, પૂ.વિશ્વવલ્લભ સ્વામી – પીજ વગેરે પૂ.સંતો- ભક્તો. **તા.૧૦/૫/૨૦૧૭**



શ્રી શૈલેષભાઈ સાવલીયાની સાથે વડતાલધામ દર્શનાર્થે પધારેલા શ્રી વિનોદ અગ્નિહોત્રીજી (ગ્રુપ એડીટર અમર ઉજાલા દૈનિક સમૂહ) અને શ્રી સુનિલ દત્તાતેજી (સહાયક સચિવ રાજય નિર્વાચન આયોગ – રાજસ્થાન)




**બોરીયાવી (વડતાલ)** મુકામે નૂતન મંગલમ્ રેસીડન્સીનું ખાતમૂર્હત પ્રસંગે ઉપસ્થિત પૂ.પુર્ણ સ્વામી, પૂ.શ્યામસ્વામી, પૂ.ત્યાગ સ્વામી, પૂ.પવિત્ર સ્વામી, પૂ.અદ્વૈત સ્વામી, પૂ.નિર્ગુણ સ્વામી,પૂ.દર્શનપ્રિય સ્વામી તથા યજમાન પરિવાર.**તા.૧૪/૫/૨૦૧૭**





**સુરત કુબેરનગર** મુકામે પૂ.વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી - અથાણાવાળા દ્વારા આયોજીત ૨૩ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી એવં ભક્તજનો. **૧૬ થી ૨૦/૫/૨૦૧૭**





**પંચાળા (જુનાગઢ)**મુકામે ૩૭ મા વાર્ષિક પાટોત્સવ નિમીતે અભિષેક, અન્નકૂટ પ્રસંગે ઉપસ્થિત પૂ.ઘનશ્યામ સ્વામી વગેરે સંતો. **તા.૧૬/૫/૨૦૧૭**



**ચાણોદ (ડભોઈ)** મુકામે કો.શ્રી પૂ.ઋષિકેશ સ્વામી દ્વારા આયોજીત ૮૩ મા પાટોત્સવ નિમીતે અભિષેક - અન્નકૂટ પ્રસંગે ઉપસ્થિત ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત, પૂ.લક્ષ્મીનારાયણ સ્વામી - વડતાલ વગેરે પૂ.સંતો. **તા.૧૮/૫/૨૦૧૭**



**રાજકોટ** મુકામે શ્રી કાનજીભાઈ કોન્ટ્રાક્ટરનાં સુપુત્રનાં મોહિતના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપતાં પૂ.ઘનશ્યામપ્રકાશ સ્વામી -મુ.કો.શ્રી - વડતાલ, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, વગેરે પૂ.સંતો તથા સમગ્ર પરિવાર. **તા.૧૮/૫/૨૦૧૭**



**વિરસદ (ખંભાત)** મુકામે અશ્વિનભાઈ કા. પટેલ (સરપંચશ્રી)ના ઘરે સત્સંગસભા – ધૂન કિર્તન પ્રસંગે ઉપસ્થિત પૂ.શ્યામ સ્વામી, પૂ.ત્યાગ સ્વામી, પૂ.વૈકુંઠ સ્વામી, પૂ.તરૂણસાગર સ્વામી, પૂ.નિર્ગુણ સ્વામી, સ્વા.બાલયુવક મંડળ - વિરસદ તથા હરિભક્તો **તા.૧૮/૫/૨૦૧૭**



**ગોધાવી (અમદાવાદ)** મુકામે પૂ.વિશ્વવલ્લભદાસજી સ્વામી (સત્શ્રી)ના વક્તાપદે આયોજીત કથા-પારાયણ. **તા.૨૧ થી ૨૭/૫/૨૦૧૭**



**કાલાવડ (જામનગર)** મુકામે સત્સંગસભામાં કથામૃતનો લાભ આપતાં પૂ.સ્વરૂપ જીવન સ્વામી. **તા.૨૨/૫/૨૦૧૭**



**સંજાયા** મુકામે શ્રી રાકેશભાઈ તથા શ્રી કમલેશભાઈના નૂતન નિવાસ સ્થાને યજ્ઞ પ્રસંગે ઉપસ્થિત પૂ.મુની સ્વામી, પૂ.શ્યામસ્વામી, પૂ.અભિષેક સ્વામી તથા ભક્તજનો.**તા.૨૪/૫/૨૦૧૭**





**પીપલાણા (જુનાગઢ)**મુકામે પૂ.મોહનપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત ૬૪ મા પાટોત્સવ નિમીતે અભિષેક-અન્નકૂટ-સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.મોહન સ્વામી - ધોરાજી, પૂ.ચૈતન્ય સ્વામી - લોજ, પૂ.માધવદાસ સ્વામી - ઉના, પૂ.હરિપ્રકાશ સ્વામી - પોરબંદર, વક્તાશ્રી પૂ.કૃષ્ણજીવન સ્વામી, પૂ.નીલકંઠ સ્વામી વગેરે પૂ.સંતો - ભક્તો. **તા.૨૩/૫/૨૦૧૭**



**વડતાલધામ** મુકામે સલવાવ-વાપી પૂ.કેશવ સ્વામી તથા પૂ.કપીલ સ્વામી દ્વારા ઠાકોરજી સંતોને થાળ રસોઈ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો.**તા.૨૩/૫/૨૦૧૭**



**વડતાલધામ** મુકામે દર્શનાર્થે આસીતભાઈ ભટ્ટ (ગુજરાત બ્રહ્મસમાજ પ્રમુખ એવં ગોધરા બી.જે.પી.ઉપપ્રમુખ) **તા.૨૭/૫/૨૦૧૭**



**વડતાલધામ** શ્રી કાનજીભાઈ (કોન્ટ્રાક્ટર)ના સુપુત્રનાં લગ્ન નિમીતે ઠાકોરજી - સંતોને થાળ - રસોઈ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા સમગ્ર યજમાન પરિવાર. **તા.૨૮/૫/૨૦૧૭**








**નારગોલ (વલસાડ)**મુકામે પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૯૨ મા પાટોત્સવ નિમીતે અભિષેક-અન્નકૂટ-યજ્ઞ-સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.વિશ્વવલ્લભ સ્વામી - પીજ, પૂ.ભક્તિ સ્વામી વગેરે પૂ.સંતો - યજમાન પરિવાર તથા ભક્તજનો. **તા.૨૮/૫/૨૦૧૭**





**સુરત ઘનશ્યામનગર** મુકામે પૂ.નીલકંઠસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૩૯ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક-અન્નકૂટ - સત્સંગ સભા. **તા.૨૮/૫/૨૦૧૭**



**વડતાલધામ** મુકામે પૂ.અથાણાવાળા સ્વામીના આસને પધરામણી કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં પૂ.સંતો.



**આણંદ** મુકામે સ્વામી રેડીયમ આર્ટને ઉદ્‌ઘાટન કરતાં આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.દર્શનપ્રિય સ્વામી **તા.૩/૬/૨૦૧૭**



**વડતાલધામ** દર્શનાર્થે શ્રી ભરતભાઈ પંડ્યા (આઈ.ટી.કમિશ્નર) શ્રી આર.પી. ઢોલરીયા હાઈકોર્ટ જસ્ટીસ સાથે ચેરમેનશ્રી પૂ.દેવસ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.શ્યામ સ્વામી







**માતર (ખેડા)** મુકામે ૯૦ મા પાટોત્સવ નિમીતે યજ્ઞ,મહાપૂજા,અભિષેક, અન્નકૂટ, સત્સંગસભા પ્રસંગે ઉપસ્થિત પૂ.ઘનશ્યામ સ્વામી - માતર, પૂ.શ્યામ સ્વામી - વડતાલ, પૂ.ધર્મનંદન સ્વામી - સંધાણા વગેરે પૂ.સંતો - ભકતો. **૩૦/૫/૨૦૧૭**








**ખાંધલી (આણંદ)** મુકામે ત્રિદિનાત્મક કથા - ફળોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળા, પૂ.વિશ્વવલ્લભ સ્વામી - પીજ, વકતાશ્રી પૂ.પ્રિયદર્શન સ્વામી - પીજ. **તા.૨ થી ૪/૬/૨૦૧૭**



**આણંદ** મુકામે નિતિશભાઈ ઠકકર(સ્પેસ ઈન્ટરનેટ સર્વિસ) ઓફિસે પધરામણીનો લાભ આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી **તા.૩/૬/૨૦૧૭**





**સાવદા (મહારાષ્ટ્ર)** મુકામે પૂ.ઘનશ્યામ સ્વામી દ્વારા આયોજીત ૧૦૩ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.ધર્મપ્રસાદ સ્વામી, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી, પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી વગેરે પૂ.સંતો તથા ભકતજનો **તા.૪/૬/૨૦૧૭**







**વડતાલધામ** મુકામે શ્રી જશભાઈ ભરૂચવાળાની નવી સાઈટ શ્રી વાસુદેવનારાયણ કોમ્પલેક્ષનું ખાતમૂર્હત કરતાં પૂ.નૌતમ સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુર, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.યોગેશ્વર સ્વામી વગેરે પૂ.સંતો-ભકતો.**તા.૭/૬/૨૦૧૭**

## શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને થાળ તથા સંતોને રસોઈની યાદી - એપ્રિલ-મે ૨૦૧૭

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧-૪-૨૦૧૭ | વડોદરા | વિરકુમાર વિપુલભાઈ પટેલ | શ્રીખંડપુરી |
| ૨ | ૨-૪-૨૦૧૭ | મંડાળા | ગં.સ્વ.શાંતાબેન ઝવેરભાઈ પટેલ (યુ.એસ.એ.) | મોહનથાળ |
| ૩ | ૩-૪-૨૦૧૭ | વડતાલ | સ્વા.લક્ષ્મણચૈતન્યદાસજી | જલેબી/ભોતયા |
| ૪ | ૪-૪-૨૦૧૭ | સુરત | તુલસીભાઈ કેશવભાઈ ગોટી. હ.પા.પરેશભગત | વેઢમી |
| ૫ | ૪-૪-૨૦૧૭સાંજે | સુરત | તુલસીભાઈ કેશવભાઈ ગોટી હ.પા.પરેશભગત | ફ્રૂટસલાટ |
| ૬ | ૫-૪-૨૦૧૭ | રામનગર | અ.નિ.કાશીભાઈ નાથાભાઈ પટેલ તથા અ.નિ.શારદાબેન કાશીભાઈ પટેલ | |
| | | | હ.જનકભાઈ તથા હરિભગત પ્રે.પવનસ્વામી | શ્રીખંડપુરી |
| ૭ | ૫-૪-૨૦૧૭સાંજે | સુરત | તુલસીભાઈ કેવશભાઈ ગોટી તથા દયાલજીભાઈ કેશવભાઈ ગોટી | દુધીના હલવા |
| ૮ | ૬-૪-૨૦૧૭ | રામનગર | અ.નિ.કાશીભાઈ નાથાભાઈ પટેલ હ.પવન સ્વામી | ચુરમાલાડુ |
| ૯ | ૭-૪-૨૦૧૭ | રામનગર | અ.નિ.કાશીભાઈ નાથાભાઈ પટેલ તથા અ.નિ.શારદાબેન કાશીભાઈ પટેલ હ.પવન સ્વામી | શ્રીખંડપુરી |
| ૧૦ | ૭-૪-૨૦૧૭ | ખાંપલી | ઘનશ્યામભાઈ શીવભાઈ પટેલ હ.પા.પરેશભગત | શ્રીખંડપુરી |
| ૧૧ | ૮-૪-૨૦૧૭ | રામનગર | અ.નિ.કાશીભાઈ નાથાભાઈ પટેલ હ.પવનસ્વામી | મોહનથાળ |
| ૧૨ | ૮-૪-૨૦૧૭સાંજે | ઘાટકોપર | અ.નિ.રમણિકભાઈ ઠક્કર, હ.જગત સ્વામી | બુન્દીલાડુ |
| ૧૩ | ૯-૪-૨૦૧૭ | રામનગર | અ.નિ.કાશીભાઈ નાથાભાઈ પટેલ હ.પવનસ્વામી | વેઢમી |
| ૧૪ | ૧૦-૪-૨૦૧૭ | રામગનર | અ.નિ.કાશીભાઈ નાથાભાઈ પટેલ હ.પવનસ્વામી | સાટા જલેબી |
| ૧૫ | ૧૧-૪-૨૦૧૭ | રામગનર | અ.નિ.કાશીભાઈ નાથાભાઈ પટેલ હ.પવનસ્વામી | શ્રીખંડ પુરી |
| ૧૬ | ૧૧-૪-૨૦૧૭સાંજે | ઘાટકોપર | સત્સંગ સમાજ વતી હ.અક્ષરપ્રસાદદાસજી | ગોળના ચુરમાલાડુ |
| ૧૭ | ૧૨-૪-૨૦૧૭ | મંડાળ | રવિન્દ્રભાઈ ઠાકોરભાઈ પટેલ અ.નિ.મંજુલાબેન ઠાકોરભાઈ પટેલ હ.સિધ્ધાર્થ | મોંતેયાલાડુ |
| ૧૮ | ૧૨-૪-૨૦૧૭સાંજે | વડતાલ | વરજાગ માળીયા હ.અથાણાવાળા સ્વામીના શિષ્ય, પ્રે.વકીલ સ્વામી / સર્વમંગલ સ્વામી | જલેબી |
| ૧૯ | ૧૩-૪-૨૦૧૭ | વડતાલ | રૂપેશકુમાર પ્રવિણભાઈ પટેલ હ.ઉર્વશીબેન પ્રવિણભાઈ પટેલ પ્રે. ગોવિંદ સ્વામી - મેતપુરવાળા | રસરોટલી |
| ૨૦ | ૧૪-૪-૨૦૧૭ | પુના | અ.નિ.ગોદાવરીબેન તથા કુમારીગૌરી ગોવિંદભાઈ મકવાણા હ.રાજેશભાઈ પ્રે.સંતસ્વામી આ.કો.શ્રી | મગસલાડુ |
| ૨૧ | ૧૫-૪-૨૦૧૭ | વડોદરા | ચિરાગભાઈ શાંતિલાલ પટેલ | મગસચકતા |
| ૨૨ | ૧૬-૪-૨૦૧૭ | કરજણ | સુરેખાબેન અશોકભાઈ પટેલ | મોંતેયાલાડુ |
| ૨૩ | ૧૬-૪-૨૦૧૭ | સુરત | મનુભાઈ વલ્લભભાઈ મેઘાણી | મગસચકતા |
| ૨૪ | ૧૭-૪-૨૦૧૭ | વડતાલ | સા.યો.દુધીબા | મોહનથાળ |
| ૨૫ | ૧૮-૪-૨૦૧૭ | વડતાલ | સા.યો.દુધીબા | સાટા/જલેબી |
| ૨૬ | ૧૯-૪-૨૦૧૭ | મેથવા | દશરથભાઈ બાબુભાઈ મેવાવાલા હ.કે.પી.સ્વામી | રસ રોટલી |
| ૨૭ | ૨૦-૪-૨૦૧૭ | સારસા | અ.નિ.વિઠ્ઠલભાઈ કેસુરભાઈ હ.નારાયણમુનીદાસજી | બુન્દી/સાટા |
| ૨૮ | ૨૧-૪-૨૦૧૭ | ઠાસા | અ.નિ.રામજીભાઈ પરમસીભાઈ કાનાણી હ.સંજયભાઈ પ્રે.પા.પરેશભગત | મોંતેયાલાડુ |
| ૨૯ | ૨૨-૪-૨૦૧૭ | અમદાવાદ | ભરતભાઈ બાબુભાઈ વેકરીયા | મોહનથાળ |
| ૩૦ | ૨૪-૪-૨૦૧૭ | થામણા | રમેશભાઈ મનુભાઈ પટેલ હ.વિજયસ્વામી | મોંતેયાલડુ |
| ૩૧ | ૨૫-૪-૨૦૧૭ | ચીખોદરા | કનુભાઈ પરષોત્તમભાઈ પટેલ હ.વિજયસ્વામી ડાકોરવાળા | શિખંડપુરી |
| ૩૨ | ૨૬-૪-૨૦૧૭ | મહેળાવ | મંજુલાબેન રાવજીભાઈ પટેલ હ.મુકુંદભાઈ (યુ.એસ.એ.) | મોહનથાળ |
| ૩૩ | ૨૭-૪-૨૦૧૭ | વડતાલ | નરોતમાનંદજી બ્રહ્મચારી | મોહનથાળ |
| ૩૪ | ૨૭/૪/૨૦૧૭ | સાંજે સુરત | અતુલ એમ. પટેલ મીલન એમ. પટેલ (હરીપુરા) હ.હરિકૃષ્ણાનંદ બ્રહ્મચારી | ગુલાબજાંબુ |
| ૩૫ | ૨૮-૪-૨૦૧૭ | ન્યુયોર્ક | સ્વા.ના.સત્સંગ મંડળ હ.નિરંજનભાઈ | કોપરાપાક |
| ૩૬ | ૨૮-૪-૨૦૧૭ | સાંજે વડતાલ | હરિચરણ સ્વામી હ.ચંપકભગત | જલેબી |
| ૩૭ | ૨૯-૪-૨૦૧૭ | વડતાલ | સ્વા.ભગવતપ્રસાદદાસજી ગુ.સ્વા.હરિસ્વરૂપદાસજી હ.પ્રમોદભાઈ પટેલ | મગસચકતા |
| ૩૮ | ૩૦-૪-૨૦૧૭ | ગોરેગાંવ | ઘનશ્યામભાઈ પિતામ્બરદાસ પરમાર પદમાબેન ઘનશ્યામભાઈ પરમાર | રસપુરી |
| ૩૯ | ૩૦-૪-૨૦૧૭ | સાંજે હાથોલ | શાંતિભાઈ તથા મુકુંદભાઈ તથા વિનુભાઈ તથા નીલયભાઈ હ.રામસ્વામી - મેતપુરવાળા | ફાડા લાપસી |
| ૧ | ૩-૫-૨૦૧૭ | મંડાળા (એમ.પી.) | દેવ આલોક પાટીદાર હસ્તે-સત્યનારાયણદાસજી | રસોઈ |
| ૨ | ૪-૫-૨૦૧૭ | પાડગોલ | વિનુભાઈ નરસિંહભાઈ પટેલ | મગસચકતા |
| ૩ | ૭-૫-૨૦૧૭ | રતનપર | ઠાકરસીભાઈ મોહનભાઈ પટેલ હસ્તે.નંદકિશોર સ્વામી | રસરોટલી |
| ૪ | ૮-૫-૨૦૧૭ | સોજીત્રા (લંડન) | રજનીકાંતભાઈ ગોવિંદભાઈ હ.બાપુ સ્વામી | મગસચકતા |
| ૫ | ૯-૫-૨૦૧૭ | વડતાલ | સ્વા.નારાયણસ્વરૂપદાસજી તથા જગદિશપ્રકાશદાસજી સ્વામી | મોંતેયાલાડુ |
| ૬ | ૧૦-૫-૨૦૧૭ | કલ્યાણ | નવીનભાઈ સંદાણી તથા હસમુખભાઈ ઠક્કર હ.પા.ઘનશ્યાભગત | રસરોટલી |
| ૭ | ૧૧-૫-૨૦૧૭ | ચાંગા | જશભાઈ છોટાભાઈ પટેલ હ.ભક્તિનંદન સ્વામી - અથાણાવાળા | સાટા |
| ૮ | ૧૨-૫-૨૦૧૭ | વડદલા | પ્રવિણભાઈ વાઘજીભાઈ પટેલ | મોહનથાળ |
| ૯ | ૧૩-૫-૨૦૧૭ | સુરત | જનકભાઈ મિસ્ત્રી | રસપુરી |
| ૧૦ | ૧૭-૫-૨૦૧૭ | સુરત | અ.નિ.રમેશભાઈ ઠાકરસીભાઈ મોરડીયા હસ્તે.જ્ઞાનજીવન સ્વામી - કુંડળવાળા | રસપુરી |
| ૧૧ | ૧૮-૫-૨૦૧૭ | વડતાલ | અ.નિ.શા.સ્વા.ગોપાલચરણદાસજી હ.સંત સ્વામી - અથાણાવાળા | રસરોટલી |
| ૧૨ | ૧૯-૫-૨૦૧૭ | ઉના | પ્રવિણભાઈ નારણભાઈ સોની | મોહનથાળ |
| ૧૩ | ૨૧-૫-૨૧૭ | કપડવંજ | રસીકભાઈ ફુલાભાઈ પટેલ - પેટ્રોલપંપવાળા, હસ્તે ગોવિંદ સ્વામી - મેતપુરવાળા | શિખંડપુરી |
| ૧૪ | ૨૩-૫-૨૦૧૭ | સેલવાસ વાપી | ઘનશ્યામ વિદ્યામંદિર હસ્તે.કેશવપ્રકાશદાસજી | સાટા/બુન્દી |
| ૧૫ | ૨૪-૫-૨૦૧૭ | બોટાદ | અ.નિ.સા.યો.મધુબેન ગુરૂ સા.યો.સવિતાબેન હસ્તે.પા.પરેશભગત | મોંતેયાલાડુ |
| ૧૬ | ૨૫-૫-૨૦૧૭ | વિદ્યાનગર | લલિતકુમાર ઉન્મસીભાઈ ગાંધી | રસરોટલી |
| ૧૭ | ૨૬-૫-૨૦૧૭ | ઉંઝા | અ.નિ.ગણેશભાઈ જયોતારામભાઈ તથા નટવરભાઈ ચતુરભાઈ પટેલ | ઉંતરસંડા |
| | | | તથા અ.નિ.જશભાઈ હ.ભાવેશભાઈ, બંદિશભાઈ પ્રે.સત્સંગભુષણ સ્વામી | રસરોટલી |
| ૧૮ | ૨૭-૫-૨૦૧૭ | વડતાલ | દિપકભાઈ મહેતા હ.ધર્મજીવન સ્વામી | રસપુરી |
| ૧૯ | ૨૮-૫-૨૦૧૭ | રાજકોટ | મોહીતકુમાર કાનજીભાઈ વેરડીયા હ.મુખ્યકોઠારીશ્રી | સાટા/જલેબી |
| ૨૦ | ૨૯-૫-૨૦૧૭ | ચાંગા | અંકુરભાઈ ભરતભાઈ પટેલ | ગોળના ચુરમાલાડુ |
| ૨૧ | ૩૦-૫-૨૦૧૭ | વાઢી | અ.નિ.જયંતિભાઈ આર.કાસીયાની હ.જીતેન્દ્ર એન્ડ વિજય તથા સવિતાબેન હ.જયનારાયણ સ્વામી | બુન્દીલાડુ |
| ૨૨ | ૩૧-૫-૨૦૧૭ | સીમરડા | અશ્વિનભાઈ પટેલ હ.મુખ્યકોઠારીશ્રી | મગસચકતા |

## વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા સંપ્રદાયના આગામી કાર્યક્રમો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૯ જુલાઈ ૨૦૧૭ | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ગુરૂપૂર્ણિમા મહોત્સવ |
| ૨ | ૧૧ જુલાઈ ૯ ઓગસ્ટ ૨૦૧૭ | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ભવ્ય હિંડોળા ઉત્સવ |
| ૩ | ૧૫ ઓગસ્ટ | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | જન્માષ્ટમી મહોત્સવ |
| ૪ | ૨ સપ્ટેમ્બર | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | જળઝીલણી મહોત્સવ |
| ૫ | ૭ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૭ | ઋષિકેશ (ઉત્તરાખંડ) | પ.પૂ.સ.ગુ.શ્રી રઘુવીરચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.શા.શ્રી હરિગુણદાસજી સ્વામીના વક્તાપદે | પન્ચાહ પારાયણ |
| ૬ | ૧૭ થી ૨૩ ઓક્ટોમ્બર ૨૦૧૭ | હામાપુર (બગસરા) | પ.પૂ.સતશ્રીના વક્તાપદે | કથા પારાયણ |
| ૭ | ૨૧ થી ૨૮ ઓક્ટોમ્બર ૨૦૧૭ | નાના કલોદરાથી | પ.પૂ.શા.શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી<br>પ.પૂ.સદ્.શ્રી ગોવિંદપ્રસાદ સ્વામીની પ્રેરતાથી (મેતપુર) | શ્રી સ્વા.વડતાલ અમદાવાદ,<br>ભુજ સાયકલ યાત્રા |
| ૮ | ૨૫ થી ૨૯ ઓક્ટોમ્બર ૨૦૧૭ | જુનાગઢ | જુનાગઢ પ્રદેશના સંતો દ્વારા આયોજીત | શ્રી ગુણાતીતાનંદ અંતર્ધાન સાર્ધ શતાબ્દી મહોત્સવ |
| ૯ | ૨૫ થી ૩૧ ઓક્ટોમ્બર ૨૦૧૭ | ઉંગલા (ગીર) | પ.પૂ.સતશ્રીના વક્તાપદે | કથા પારાયણ |
| ૧૦ | ૨૯ ઓક્ટો. થી ૪ નવેમ્બ.૨૦૧૭ | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | કાર્તિકી સમૈયો - ૧૯૨ મો પાટોત્સવ |
| ૧૧ | ૧૯ થી ૨૩ નવેમ્બર.૨૦૧૭ | ઈન્દોર (મધ્યપ્રદેશ) | પ.પૂ.સ.ગુ.શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી | શ્રી મંગલમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ |
| ૧૨ | ૨૧ થી ૨૭ નવેમ્બર ૨૦૧૭ | વેજલપુર (ગોધરા) | પ.પૂ.શા.શ્રી અમરવિહારીદાસજી સ્વામી દ્વારા આયોજીત<br>પ.પૂ.સતશ્રીના વક્તાપદે | શતાબ્દી, રજત જયંતી મહોત્સવ |

## વડતાલ પિઠાધીપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ વિચરણ



૧૫/૦૪/૨૦૧૭ **આણંદ** શ્રી રોકડીયાદેવ હનુમાનજી મંદિર મુકામે પૂ.સત્સંગભૂષણ સ્વામી દ્વારા આયોજીત શ્રી હનુમાનજી જયંતિ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૨/૦૪/૨૦૧૭ **સાળંગપુરધામ** મુકામે અ.નિ.પા.શ્રી બળવંતભગતની સ્મૃતિમાં મારૂતિ યાગ પૂર્ણાહૂતિ પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

૨૬/૦૪/૨૦૧૭ **કરનાળી (ડભોઈ)** મુકામે શ્રી મારૂતિધામ આશ્રમ મુકામે પૂ.પ્રેમસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનાં ૭ મા પાટોત્સવ - નૂતન ભોજનાલય ઉદ્‌ઘાટન પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૭/૦૪/૨૦૧૭ **વડોદરા હરિનગર** મુકામે પૂ.શ્રીરંગસ્વામી દ્વારા આયોજીત ચતુર્થ પાટોત્સવ - હરિસ્મૃતિ પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૮/૦૪/૨૦૧૭ **મેતપુર** મુકામે પૂ.બાલકૃષ્ણ સ્વામીની પ્રેરણાથી આયોજીત ૨૨ મો પાટોત્સવ તથા બાળધૂન મંડળના ૯૨ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં તથા સાંજે **સુરત કલાકુંજ** મુકામે પૂ.નિલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત ૧૮ મો પાટોત્સવ તથા સ્વા.મિશનનાં ૫ મા પાટોત્સવ પ્રસંગે સભામાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૯/૦૪/૨૦૧૭ **સુરત વેડરોડ** મુકામે પૂ.પ્રભુચરણ સ્વામી દ્વારા આયોજીત ૭ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક-અન્નકૂટ-યજ્ઞ-કથા પારાયણમાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૩૦/૦૪/૨૦૧૭ **છતડીયા (અમરેલી)** મુકામે પૂ.વાસુદેવ સ્વામી - નાઘેરની પ્રેરણાથી નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૧/૦૫/૨૦૧૭ **દુધાળા (જુનાગઢ)** મુકામે પૂ.માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૨/૦૫/૨૦૧૭ **વિરસદ (ખંભાત)** મુકામે પૂ.કેશવચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૯૨ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત કથા પારાયણમાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૩/૦૫/૨૦૧૭ **નાસીક (મહારાષ્ટ્ર)** મુકામે પૂ.માધવપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત સદ્‌ગુરૂ વંદના મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૫-૦૬/૦૫/૨૦૧૭ **મુંબઈ ભુલેશ્વર** મુકામે પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળાની પ્રેરણાથી આયોજીત ૧૪૯ મા પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ- અભિષેકમાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૭/૦૫/૨૦૧૭ **ભાયાવદર (અમરેલી)**મુકામે પૂ.હરિકૃષ્ણ સ્વામી - અમદાવાદ મહંતશ્રીની પ્રેરણાથી દશાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં તથા **દેરડી-કુંભાજી (ગોંડલ)** મુકામે પૂ.રાધારમણ સ્વામી(જામજોધપુર)ના વક્તાપદે આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે કથા પારાયણમાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૮/૦૫/૨૦૧૭ **ધોલેરાધામ** મુકામે કો.શ્રી હરિચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૯૧ મા પાટોત્સવ નિમીતે શ્રી અક્ષરઓરડી (પ્રસાદીની બેઠક)ના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યાં તથા સાંજે **શેખ પીપરીયા (અમરેલી)** મુકામે પૂ.વાસુદેવ સ્વામી - નાઘેરની પ્રેરણાથી આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૯/૦૫/૨૦૧૭ **બોરડી (અમરેલી)** મુકામે પૂ.દેવકૃષ્ણ સ્વામી - રાજકોટ ગુરૂકુલની પ્રેરણાથી આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૦/૦૫/૨૦૧૭ **વડતાલધામ** પૂનમ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં તથા સાંજે **નડીયાદ** મુકામે શ્રી કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ આયોજીત સત્સંગ ભુવન વાસ્તુપૂજન સમારોહ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૬/૦૫/૨૦૧૭ **મોટા ઉજળા (અમરેલી)** મુકામે પૂ.રાધારમણ સ્વામી - જામજોધપુરના વક્તાપદે આયોજીત શ્રી સ્વા.મહિલા મંદિરના ૫ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૭/૦૫/૨૦૧૭ **પીપળવા (અમરેલી)** મુકામે પૂ.ઘનશ્યામપ્રકાશ સ્વામી - મુ.કો.શ્રી વડતાલનાં વક્તાપદે એવં પૂ.ભાનુ સ્વામી - ડાકોર દ્વારા આયોજીત નૂતન મહિલા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૮/૦૫/૨૦૧૭ **માણાવદર (જુનાગઢ)** મુકામે પૂ.પ્રેમસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૭-૨૮/૦૫/૨૦૧૭ **સુરત રામપુરા** મુકામે પૂ.બાલકૃષ્ણ સ્વામીની પ્રેરણાથી આયોજીત મેતપુર બાળધૂન મંડળ સુવર્ણ જયંતિ મહોત્સવ નિમીતે કથા પારાયણમાં - અભિષેક પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૫/૦૬/૨૦૧૭ **સાળંગપુર** મુકામે પૂ.વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી - અથાણાવાળા દ્વારા આયોજીત ભવ્ય ફળોત્સવ - મારૂતિ યાગ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૮/૦૬/૨૦૧૭ **મિતલી (ખંભાત)**મુકામે પૂ.ન્યાલકરણ સ્વામી દ્વારા આયોજીત શ્રી હનુમાનજી ગણપતિ પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૦૯/૦૬/૨૦૧૭ **વડતાલધામ** પૂનમ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં તથા સાંજે **અમેરીકા** સત્સંગ પ્રવાસે રવાના.










વંડા (સાવરકુંડલા) મુકામે જી.એમ.બિલખીયા કોલેજના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા - કેન્દ્રીયકૃષિ મંત્રીશ્રી, શ્રી ગફુરબાપા બિલખીયા (વાપી), પૂ.ઘનશ્યામપ્રકાશ સ્વામી - મુ.કો.શ્રી વડતાલ, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.નારાયણપ્રસાદ સ્વામી - ડાકોર, પૂ.ભાનુ સ્વામી - ડાકોર વગેરે સંતો તથા શ્રી લાલજીભાઈ ઉગામેડી - ધર્મનંદન ડાયમંડ સુરત એવં મહાનુભાવો. તા.૫/૫/૨૦૧૭







દેરડી-કુંભાજી (ગોંડલ) મુકામે પૂ.રાધારમણ સ્વામી(જામજોધપુર)ના વકતાપદે આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.ચૈતન્ય સ્વામી - લોજ, પૂ.માધવપ્રિય સ્વામી - છારોડી, પૂ.હરિવલ્લભ સ્વામી - રાજકોટ, પૂ.ભક્તિપ્રિય સ્વામી - ગઢડા વગેરે પૂ.સંત એવં ભકતજનો. તા.૬ થી ૮/૫/૨૦૧૭







શેખ પીપરીયા (અમરેલી) મુકામે પૂ.વાસુદેવ સ્વામી - નાહિચેરની પ્રેરણાથી આયોજીત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વકતાશ્રી પૂ.કેશવપ્રિય સ્વામી તા.૨ થી ૮/૫/૨૦૧૭







બોરડી (અમરેલી) મુકામે પૂ.દેવકૃષ્ણ સ્વામી - રાજકોટ ગુરૂકુલની પ્રેરણાથી નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વકતાશ્રી પૂ.કૃષ્ણપ્રિય સ્વામી, પૂ.હરિનયન સ્વામી, પૂ.શ્રીરંગ સ્વામી - વડોદરા, પૂ.ઘનશ્યામ સ્વામી - ધંધુકા વગેરે પૂ.સંતો. તા.૬ થી ૧૦/૫/૨૦૧૭






મોટા ઉજળા (અમરેલી) મુકામે પૂ.રાધારમણ સ્વામી - જામજોધપુરના વક્તાપદે આયોજિત શ્રી સ્વા.મહિલા મંદિરના ૫ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.ઘનશ્યામપ્રકાશ સ્વામી - મુ.કો.શ્રી વડતાલ, પૂ.નૌતમ સ્વામી, પૂ.બાલકૃષ્ણ સ્વામી - ફરેણી, પૂ.દેવસ્વરૂપ સ્વામી - ધંધુકા તથા સમગ્ર ગજેરા પરિવાર એવં ભક્તજનો. તા.૧૦ થી ૧૬/૫/૨૦૧૭





પીપળવા (અમરેલી) મુકામે પૂ.ઘનશ્યામપ્રકાશ સ્વામી - મુ.કો.શ્રી વડતાલના વક્તાપદે એવં પૂ.ભાનુ સ્વામી - ડાકોર દ્વારા આયોજિત નૂતન મહિલા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં પૂ.સંતો તથા ભક્તજનો તા.૧૩ થી ૧૭/૫/૨૦૧૭







માણાવદર (જુનાગઢ) મુકામે પૂ.પ્રેમસ્વરૂપદાસજી સ્વામી દ્વારા આયોજિત સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.દેવપ્રસાદ સ્વામી - વંથલી, પૂ.દેવકૃષ્ણ સ્વામી - રાજકોટ, વક્તાશ્રી પૂ.વિશ્વવલ્લભ સ્વામી - સુરત, પૂ.મોહનપ્રસાદ સ્વામી - પીપલાળા, પૂ.દેવનંદન સ્વામી - જુનાગઢ, પૂ.હરિપ્રિય સ્વામી - સુરત વગેરે પૂ.સંતો એવં ભક્તજનો. તા. ૧૫ થી ૧૯/૫/૨૦૧૭







Dr.P.D.Patil (Ph.D.) President/Chancellor of Dr.D.Y.Patil Vidyapeeth. Pune Member of Yashada (Pune), Member of Steering and Planning Commission, High & Technical Education, New Delhi, UGC Nominee of NCRC (Manesar), 31 Colleges, in favour of Dr.D.Y.Patil Vidya Pratishthan and Dr.D.Y.Patil Vidyapeeth, Pune. Dt. 17-5-2017


વડતાલધામ મુકામે નૂતન ભોજનાલયમાં સમગ્ર સ્ટાફને ટ્રેનીંગ આપતા શ્રી ચંદ્રકાંતભાઈ ગોહીલ (ફુડ વિભાગ ઓફીસર – ગાંધીનગર)તથા ઉપસ્થિત પૂ.મુની સ્વામી, પૂ.શ્યામ સ્વામી. તા. ૨૬/૫/૨૦૧૭





વડતાલધામ વિકાસ માટે મંદિરના જૂના ભોજનાલયની પાછળ નવી સંપાદીત જમીન પર સ્થળ નિરક્ષણ કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં પૂ.સંતો. તા.૩૧/૫/૨૦૧૭

વડતાલધામ વિકાસ માટે મંદિરના જૂના ભોજનાલયની પાછળ નવી સંપાદીત જમીન પર સ્થળ નિરક્ષણ કરતાં પૂ.જ્ઞાનજીવન સ્વામી - કુંડળ એવં પૂ.સંતો. તા.૭/૫/૨૦૧૭









બુરહાનપુર (મધ્યપ્રદેશ)મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત નૂતન શ્રી ઘનશ્યામભુવન, (બહેનોનું મંદિર, આચાર્ય નિવાસ,ભકત નિવાસ)નું ભૂમિ પૂજન પ્રસંગે ઉપસ્થિત પૂ.ધર્મપ્રસાદ સ્વામી,પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી, ટ્રસ્ટીશ્રી પા.ઘનશ્યામભગત તા.૨/૬/૨૦૧૭

વડતાલ મંદિર દ્વારા નિઃશુલ્ક ચોપડા વિતરણ. તા.૪/૬/૨૦૧૭





વડતાલધામ મુકામે ગોમતીજી કિનારે નૂતન ગેટનું ખાતમૂર્હત કરતાં પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેતપુર, પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુર, પૂ.ગોવિંદ સ્વામી - મેતપુર, આ.કો.શ્રી સંત સ્વામી તથા મેતપુર સત્સંગ સમાજના આગેવાન ભકતો. તા.૩/૬/૨૦૧૭





ગાંધીનગર મુકામે માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાતે પધારેલા વડતાલ મંદિરનાં પૂ.સંતો એવં ટ્રસ્ટીગણ. તા.૭/૬/૨૦૧૭

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KHDA-86/2017-19" Valid up to 31.12.2019. Posted From Vadtal Post Office. On 20th Date of every Month




**વડતાલધામ** રવિસભા-વાર્ષિકોત્સવ - શ્રીહરિ અંતરધ્યાન તિથી, આમ્રોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.લાલજી મહારાજશ્રી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી, પૂ.ધર્મજીવન સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.શ્યામ સ્વામી વગેરે પૂ. સંતો તથા ભક્તો. તા.૪/૬/૨૦૧૭













**વડતાલધામ** આમ્રોત્સવ તથા કેરી વિતરણ કરતાં આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.મુની સ્વામી, પૂ.શ્યામ સ્વામી, મેતપુરના આગેવાન ભક્તો, રાકેશભાઈ,સતીષભાઈ તથા યુવાન ભક્તો. તા.૫/૬/૨૦૧૭


પધારો વડતાલધામ — શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજીત — પધારો વડતાલધામ

# ભવ્ય ગુરૂપૂર્ણિમા મહોત્સવ - ૨૦૧૭ તથા

વિના મૂલ્યે સારવાર આપતી

# શ્રી સ્વામિનારાયણ હોસ્પીટલ ઉદ્‌ઘાટન સમારોહ




ઉદ્‌ઘાટક
મા.મુખ્યમંત્રીશ્રી
વિજયભાઈ રૂપાણી

**તા.૯/૭/૨૦૧૭ રવિવાર, સમય : સવારે ૮-૦૦ થી ૧૨-૦૦**

આયોજક : શ્રી વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ, તા.નડીયાદ, જી.ખેડા, પિન : ૩૮૭૩૭૫, ફોન (૦૨૬૮) ૨૫૮૯૭૨૮,૭૭૬

લાઈવ પ્રસારણ : Website : www.vadtalmandir.org